Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी

# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 35 | 14 February 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

## મિની કુંભ - મહાશિવરાત્રીના મેળા પહેલા સાધુ સંતોનું થયું હેલ્થ ચેકઅપ









મહાશિવરાત્રીના મેળામાં ભાવિકોને જરૂરી આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે મહાશિવરાત્રીના મેળા વિસ્તાર, પાર્કિંગ, ગીરનાર સીડીઓ સહિત જુદી જુદી જગ્યાએ હંગામી દવાખાનાઓ પણ ઊભા કરવામાં આવ્યા છે.

જૂનાગઢઃ ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ તળેટી ખાતે મહાશિવરાત્રી મેળાની તૈયારીઓ અને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ત્યારે સાધુ સંતોનું ભવનાથ વિસ્તારમાં આગમન થયું છે. સાધુ સંતોએ ધૂણી ધખાવવાનું શરૂ કર્યું છે. જય ગિરનારી અને બમ બમ ભોલેના નાદ સાથે 11 ફેબ્રુઆરીથી મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થવાનો છે. મહાશિવરાત્રીના મેળા શરૂ થયા પૂર્વે સાધુ સંતો ઉપરાંત ઉતારા મંડળના સંચાલકો અને સ્વયંસેવકોના આરોગ્યની કાળજી લેવામાં આવી રહી છે.

વહીવટી તંત્રની ત્રણ આરોગ્ય ટીમ સાધુ સંતોના ધુણા અને આશ્રમમાં જઈ હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત મહાશિવરાત્રીના મેળામાં ભોજન સેવા માટે આવતા ઉતારા મંડળોના સંચાલકો અને સ્વયંસેવકોનું પણ હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

આ સંદર્ભે આરોગ્ય અધિકારી ડો. રવિ ડેડાણીયાએ જણાવ્યું હતું કે, મહાશિવરાત્રીનો મેળો શરૂ થયા પૂર્વે સાધુ સંતો, ઉતારા મંડળના સંચાલકો સ્વયંસેવકો વગેરેની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી, જેમાં બ્લડ પ્રેશર અને સુગર લેવલ એટલે કે ડાયાબિટીસનું પણ ચેકઅપ કરવામાં આવ્યું હતું,

ઉપરાંત આવશ્યકતા મુજબ જરૂરી પ્રાથમિક સારવાર અને દવાઓ પણ આપવામાં આવી હતી. સાથે જ આશ્રમો અખાડામાં અન્ય આરોગ્યલક્ષી કાળજી રાખવા માટે જરૂરી માહિતી આપવામાં આવી હતી. તેમણે એમ પણ કહ્યું કે, નાકોડા આરોગ્ય કેન્દ્ર ખાતે સાધુ સંતો અને ભાવિકોની આરોગ્ય સેવાઓ માટે આઈસીયુ સહિતની સુવિધાઓથી સજ્જ છે.

ઉલ્લેખનીય છે કે, મહાશિવરાત્રીના મેળામાં ભાવિકોને જરૂરી આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે મહાશિવરાત્રીના મેળા વિસ્તાર, પાર્કિંગ, ગીરનાર સીડીઓ સહિત જુદી જુદી જગ્યાએ હંગામી દવાખાનાઓ પણ ઊભા કરવામાં આવ્યા છે.

વહીવટી તંત્રની ત્રણ આરોગ્ય ટીમ સાધુ સંતોના ધુણા અને આશ્રમમાં જઈ હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

## વયસ્ક નાગરિક ગૃપ કેનેડા દ્વારા પુરાને નગમે ગીત સંગીત નો કાર્યક્રમ યોજાયો

અવર ઓન ગુજરાતી સિનિયર સિટીઝન ફ્રેંડ્સ સર્કલ, કેનેડા દ્વારા વયસ્ક નાગરિકો માટે સિંગર નીના મિશ્રા (Tanzania) નો ગીત સંગીતનો ‘ પુરાને નગમે ‘ ઓનલાઈન કાર્યક્રમ યોજાયો. શુભ શરૂઆત પારૂલબેન ની પ્રાર્થનાથી થઈ. ગૃપ સ્થાપક ઘનશ્યામ પટેલે હૃદયના ઉમળકાથી શેર શાયરી દ્વારા સિંગર તેમજ શ્રોતાઓનું શબ્દ પુષ્પ દ્વારા સ્વાગત કર્યું.શ્રી પિયુષ દવેએ ખૂબ સરસ પરિચય આપ્યો. ગાયિકા નીના મિશ્રાએ તેમની સુરીલી અવાજમાં કર્ણપ્રિય જૂના હિન્દી ફિલ્મના ગીતોનું ગાન કરી વયસ્ક નાગરિકોના દિલ જીતી લીધા. સૌને ખૂબ મજા આવી. શ્રીમતી પારુલબેન પટેલ, શ્રી અશોક હિંગુ , શ્રી પિયુષભાઈ દવે વગેરેએ સરસ પ્રતિભાવો આપી ગાયકીનું અભિવાદન કર્યું. શ્રી પ્રકાશભાઈ શાહે સિંગર નીના મિશ્રા અને શ્રોતાઓનો તેમના સમય દાન માટે આભાર માન્યો.



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**14 ફેબ્રુઆરીથી આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ અ, લ, ઈ** આ સમય ઊર્જા અને આત્મવિશ્વાસથી ભરેલો રહેશે. કાર્યસ્થળે નવી જવાબદારીઓ મળશે, જે ભવિષ્યમાં પ્રગતિનો રસ્તો બનાવશે. વેપારમાં નવા કરાર થઈ શકે. પ્રેમ જીવનમાં સકારાત્મક વળાંક આવશે. ઉતાવળા નિર્ણયો ટાળો.

**વૃષભ રાશિ બ, વ, ઉ** આર્થિક આયોજન માટે સારો સમય છે, પરંતુ ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી રહેશે. પરિવાર સાથે મતભેદ થવાની શક્યતા છે, તેથી વાણીમાં મીઠાશ રાખો. સ્વાસ્થ્યમાં થાક અથવા માથાનો દુખાવો થઈ શકે.

**મિથુન રાશિ ક, છ, ઘ** કારકિર્દીમાં નવી તક અને પ્રોજેક્ટ મળી શકે. વિદ્યાર્થીઓ માટે મહેનતનું સારો પરિણામ મળશે. મિત્રવર્તુળમાંથી સહયોગ મળશે. ટૂંકા પ્રવાસથી લાભ થશે. દસ્તાવેજી કામમાં સાવચેતી રાખો.

**કર્ક રાશિ ડ, હ** પરિવારિક જીવનમાં સુખ અને શાંતિ રહેશે. મિલ્કત અથવા ઘર સંબંધિત નિર્ણય માટે અનુકૂળ સમય છે. નોકરીમાં પ્રશંસા મળશે. માતા-પિતાના સ્વાસ્થ્ય પ્રત્યે ધ્યાન આપવું.

**સિંહ રાશિ મ, ટ** આત્મવિશ્વાસમાં વધારો થશે અને નેતૃત્વ ક્ષમતા ઝળહળશે. વેપારમાં લાભ અને અટકેલા નાણાં પરત મળવાની શક્યતા છે. સામાજિક પ્રતિષ્ઠા વધશે. પ્રેમ સંબંધોમાં સ્પષ્ટતા જરૂરી રહેશે.

**કન્યા રાશિ પ, ઠ, ણ** નોકરીમાં પ્રમોશન અથવા નવી તક મળી શકે. નવા સંપર્કો ભવિષ્યમાં લાભદાયક સાબિત થશે. સ્વાસ્થ્ય સારું રહેશે, પરંતુ પાચનતંત્ર અંગે કાળજી રાખવી. પરિવાર તરફથી સારા સમાચાર મળી શકે.

**તુલા રાશિ ર, ત** દામ્પત્ય જીવનમાં સમજ અને સમજૂતી જરૂરી રહેશે. ભાગીદારીના વ્યવસાયમાં સાવચેતી રાખવી. કાનૂની અથવા સરકારી કામોમાં રાહત મળશે. આર્થિક રીતે સ્થિરતા રહેશે.

**વૃશ્ચિક રાશિ ન, ય** ગુપ્ત લાભ અથવા અચાનક નાણાકીય ફાયદો થઈ શકે. કાર્યસ્થળે મહેનતનું યોગ્ય ફળ મળશે. સ્પર્ધાત્મક ક્ષેત્રે સફળતા મળશે. ગુસ્સા પર નિયંત્રણ રાખો.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** પ્રવાસ અને નવા કાર્ય માટે શુભ સમય છે. શિક્ષણ અને પરીક્ષામાં સારા પરિણામ મળશે. આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ વધશે. પરિવાર સાથે સમય પસાર કરવાથી માનસિક શાંતિ મળશે.

**મકર રાશિ ખ, જ** નાણાકીય સ્થિતિ મજબૂત બનશે. મિલ્કત અથવા રોકાણ માટે અનુકૂળ સમય છે. કાર્યસ્થળે સ્થિરતા રહેશે. આરોગ્ય માટે નિયમિત વ્યાયામ કરવો જરૂરી.

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** સામાજિક પ્રતિષ્ઠા વધશે અને નવા લોકો સાથે પરિચય થશે. સર્જનાત્મક ક્ષેત્રે સફળતા મળશે. મિત્રોનો સહકાર મળશે. ખર્ચ વધવાની શક્યતા છે, તેથી બજેટ પર ધ્યાન આપો.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** આધ્યાત્મિક ઝોક વધશે અને મનમાં શાંતિનો અનુભવ થશે. નોકરીમાં બદલાવ અથવા નવી તક મળી શકે. પરિવાર સાથે આનંદમય સમય પસાર થશે. સ્વાસ્થ્ય સારું રહેશે, પરંતુ ઊંઘ પૂરી લેવી જરૂરી.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**

# મહાશિવરાત્રી : આત્મજાગૃતિ, વૈરાગ્ય અને "હર હર મહાદેવ" નો શાશ્વત નાદ



15 ફેબ્રુઆરી રવિવારના મહાશિવરાત્રી એટલે દેવોના દેવ મહાદેવને રિઝવવાનો, આત્માને પરમસત્ય સાથે જોડવાનો અને જીવનમાં શિવતત્વને જાગૃત કરવાનો મહાન ભારતીય તહેવાર એટલે મહાશિવરાત્રી. આ પર્વ માત્ર ઉપવાસ, જાગરણ કે વિધિ-વિધાન પૂરતું નથી, પરંતુ માનવજીવનને અંધકારમાંથી પ્રકાશ તરફ અને અહંકારમાંથી વિનમ્રતા તરફ લઈ જતું આધ્યાત્મિક મહાપર્વ છે.

ભગવાન શિવ સંહારક નથી, પરંતુ પરિવર્તનના દેવ છે. તેઓ નકારાત્મકતાનો નાશ કરી નવી સૃષ્ટિનો માર્ગ ખુલ્લો કરે છે. મહાશિવરાત્રીની રાતે કરાતું જાગરણ એ સંદેશ આપે છે કે આપણે અજ્ઞાનની નિદ્રામાંથી જાગી જઈએ અને જ્ઞાનના દીપ પ્રગટાવીએ. શિવલિંગ પર અર્પિત થતું જળ, દૂધ, બિલ્વપત્ર અને ભસ્મ આપણાં અંતરના અહંકાર, લોભ અને આસક્તિનો ત્યાગ કરવાનું પ્રતીક છે.

આજના ભાગદોડભર્યા અને તણાવભર્યા યુગમાં મહાદેવની આરાધના મનને સ્થિરતા અને જીવનને દિશા આપે છે. "ઓમ નમઃ શિવાય" નો જાપ માત્ર મંત્રોચ્ચાર નહીં, પરંતુ આત્માને શિવતત્વ સાથે જોડતો દિવ્ય સેતુ છે. સંયમ, સાધના અને સદાચાર—આ ત્રિવેણી જ મહાશિવરાત્રીનો સાચો સંદેશ છે.

"હર હર મહાદેવ" માત્ર જયઘોષ નથી, પરંતુ આત્માની ઘોષણા છે. 'હર' એટલે દુઃખ, ભય અને અજ્ઞાનનું હરણ કરનાર અને 'મહાદેવ' એટલે આપણા અંતરમાં વસેલો પરમાત્મા. જ્યારે આ નાદ હૃદયપૂર્વક ઉચ્ચારાય છે ત્યારે માનવ પોતાની નબળાઈઓ મહાદેવના ચરણોમાં અર્પણ કરી નવી ઊર્જા અને આત્મવિશ્વાસ સાથે જીવનપથ પર આગળ વધે છે.

મહાશિવરાત્રીના પાવન પર્વે "હર હર મહાદેવ" નો નાદ માત્ર મંદિરોમાં નહીં, પરંતુ દરેક ઘરમાં અને દરેક હૃદયમાં ગુંજે—એવી ભાવના છે. આ નાદ માનવને સ્વાર્થમાંથી પરમાર્થ તરફ, અશાંતિમાંથી શાંતિ તરફ અને અસ્થિરતામાંથી સંતુલન તરફ દોરી જાય છે.

ગરવી ગુજરાત ન્યુઝ પેપરના તંત્રી તરીકે અમારી સૌ વાચકોને હૃદયપૂર્વક ખુબ ખુબ શુભેચ્છાઓ અને આ મહાપર્વે માત્ર વિધિ નહીં, પરંતુ સંકલ્પ લઈએ—શિવના ગુણો જેમ કે સત્ય, કરુણા, સહનશીલતા અને વૈરાગ્યને જીવનમાં ઉતારીએ. વ્યક્તિ શુદ્ધ બને તો સમાજ શુદ્ધ બને અને સમાજ શુદ્ધ બને તો રાષ્ટ્ર ઉજ્જવળ બને—આજ મહાશિવરાત્રીનો સાચો મહિમા છે.



મહાદેવની કૃપા સર્વ પર વરસે, જીવનમાં સુખ, શાંતિ અને સદબુદ્ધિ આપે—આવી પ્રાર્થના સાથે... હર હર મહાદેવ. જય ભોળેનાથ.

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ડીજીટલ ન્યુઝ પેપર, કેનેડા) 4379670062
garvigujarat2025@gmail.com

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**

**ખરું પુછો તો ફૂંકોમાં ફર્ક છે, બાકી તો વાંસળી સરખી જ છે**
Sankalan by Dr Prakashbhai Thakkar Kalol Gujrat

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.



I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE

**Abhay Joshi**
(Mortgage Agent Level 2)

INDEPENDENTLY OWNED AND OPERATED
FSRA LIC # 13093




## UNLOCK YOUR DREAM HOME WITH **EXPERT MORTGAGE GUIDANCE**

- Residential mortgage
- Commercial mortgage
- Refinancing, Home equity loans
- Business Line of Credits
- Business Loans (CSBFL)
- And many more

**Call today to schedule a consultation**



**CELL : (647) 409-5848**

**Lic #M22003707**


THE CANADIAN HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Turning Realty Dreams to Reality
Vatsal Makes it Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST

# શિવરાત્રી મહોત્સવ: આબુ શાંતિવનમાં 100 ફૂટ શિવધ્વજારોહણ સાથે શિવરાત્રી મહોત્સવ શરૂ



ભારતીય સનાતન સંસ્કૃતિના મહાન પર્વ મહાશિવરાત્રી નિમિત્તે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા વૈશ્વિક સ્તરે ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સંસ્થાના મુખ્યાલય શાંતિવન, આબુ ખાતે બુધવારે 100 ફૂટ ઊંચા શિવધ્વજારોહણ સાથે મહોત્સવનું વિધિવત ઉદ્ઘાટન થયું હતું. દેશ-વિદેશથી મોટી સંખ્યામાં ઉપસ્થિત શિવભક્તો અને બ્રહ્માકુમાર ભાઈ-બહેનોની હાજરીમાં સમગ્ર પરિસર આધ્યાત્મિક ઊર્જાથી ગુંજી ઉઠ્યું હતું.

સંસ્થાના મીડિયા સંયોજક શશિકાંત ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વર્ષ 1936થી શિવ ભગવાન દ્વારા પિતા બ્રહ્માબાબાના માધ્યમથી સ્થાપિત બ્રહ્માકુમારીઝ વિશ્વની સૌથી મોટી મહિલા શક્તિ સંચાલિત આધ્યાત્મિક સંસ્થા તરીકે કાર્યરત છે. 90મી ત્રિમૂર્તિ શિવ જયંતિ નિમિત્તે વિશ્વના 140 દેશોમાં 52 હજારથી વધુ શિવ અવતરણ આધ્યાત્મિક કાર્યક્રમો યોજાશે. રશિયા, અમેરિકા અને લંડન સહિતના દેશોમાં ભારતીય સંસ્કૃતિ અને શિવરાત્રીના રહસ્ય વિષયક વિશેષ વ્યાખ્યાનો અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

ભારતમાં આવેલા 8600 સેવાકેન્દ્રો પર શિવધ્વજારોહણ, વિશાળ શોભાયાત્રા, રાજયોગ ધ્યાન શિબિરો અને શિવ સંદેશ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યમાં જ 6000થી વધુ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. મુખ્ય સમારોહમાં સંસ્થાના વડા ડો. રાજયોગિની મોહિનીજી અને જયંતીજીએ 20 હજારથી વધુ શિવપ્રિય ભાઈ-બહેનોને વૈશ્વિક શાંતિ, સદભાવના અને સ્વર્ણિમ સતયુગ સ્થાપન માટે પોતાની બુરાઈઓનો ત્યાગ કરી સદ્ગુણ ધારણ કરવાનો સામૂહિક સંકલ્પ લેવડાવ્યો હતો. વૈશ્વિક સ્તરે એકસાથે શરૂ થયેલા આ મહોત્સવે વિશ્વ માનવને પરમાત્મા અવતરણનો શાંતિ અને એકતાનો સંદેશ પાઠવ્યો હતો. આબુ શાંતિવનમાં શિવરાત્રી મહોત્સવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

## આ વર્ષે મહાશિવરાત્રિએ 12 કલાક સુધી ભદ્રાનો ઓછાયો! જાણો શિવલિંગ પર જળાભિષેકનું શુભ મુહૂર્ત

દર વર્ષે ફાગણ મહિનાના કૃષ્ણ પક્ષની ચતુર્દશી તિથિએ મહાશિવરાત્રિનો પવિત્ર તહેવાર ઉજવવામાં આવે છે. આ વર્ષે મહાશિવરાત્રિ 15 ફેબ્રુઆરીએ મનાવવામાં આવશે. આ વખતે વિશેષ વાત એ છે કે આ દિવસે ભદ્ર યોગ પણ બની રહ્યો છે, જેને લઈને કેટલાક ભક્તોમાં શંકા જોવા મળી રહી છે. જોકે જ્યોતિષ શાસ્ત્ર મુજબ આ ભદ્રા પાતાળમાં નિવાસ કરતી હોવાથી પૃથ્વી પર તેની કોઈ અશુભ અસર થતી નથી. એટલે ભક્તો નિર્ભય બની ભગવાન શિવની પૂજા અને જળાભિષેક કરી શકશે.

પંચાંગ અનુસાર ભદ્રા 15 ફેબ્રુઆરી સાંજે 5:04 વાગ્યે શરૂ થશે અને 16 ફેબ્રુઆરી સવારે 5:23 વાગ્યે પૂર્ણ થશે. મહાશિવરાત્રિના દિવસે જળાભિષેક માટે અનેક શુભ મુહૂર્ત ઉપલબ્ધ રહેશે. સવારે 8:24 થી 9:48, 9:48 થી 11:11 અને 11:11 થી 12:35 સુધીનો અમૃત સર્વોત્તમ સમય વિશેષ ફળદાયી માનવામાં આવે છે. ઉપરાંત સાંજે 6:11 થી 7:47 દરમિયાન પણ ભક્તો શિવલિંગ પર જળ અર્પણ કરી શકે છે.

મહાશિવરાત્રિના દિવસે વહેલી સવારે સ્નાન કરીને સ્વચ્છ અને હળવા રંગના વસ્ત્ર ધારણ કરવા. પૂજા સ્થળે દીવો પ્રગટાવી "ૐ નમઃ શિવાય" મંત્રનો જાપ કરવો. ત્યારબાદ શિવલિંગ પર જળ, ગંગાજળ, કાચું દૂધ અથવા મધ મિશ્રિત જળથી અભિષેક કરવો. બીલીપત્ર, ધતુરા અને સફેદ ફૂલ અર્પણ કરીને ઓછામાં ઓછા 108 વખત મંત્ર જાપ કરવો. અંતે શાંત મનથી પ્રાર્થના કરીને પોતાની ઈચ્છા વ્યક્ત કરવી. શ્રદ્ધા અને ભક્તિથી કરેલી આરાધના નિશ્ચિતરૂપે શુભ ફળ આપે છે.



# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



**RAJENDRA PARMAR**
**FINANCIAL ASSOCIATE**

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

**FREE INSURANCE QUOTE**

** અમે ગુજરાતી બોલીએ છીએ **

**RAJENDRA PARMAR**

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# ઑન્ટારિયોએ 2026 માટે તેના નોમિનેશન ફાળવણીની જાહેરાત કરી છે - અને તે પાછલા વર્ષ કરતા વધુ છે.



સંકલનઃ શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ, એ એન બી ઈમિગ્રેશન

ઑન્ટારિયો ઈમિગ્રન્ટ નોમિની પ્રોગ્રામ (OINP) એ વર્ષ માટે તેના નોમિનેશન ફાળવણીની જાહેરાત કરી છે, જેમાં તેને મળેલા સ્લોટની સંખ્યામાં ગયા વર્ષની તુલનામાં વધારો થયો છે.

2026 માટે, ફેડરલ સરકારે OINP ને તેના આઠ પ્રાંતીય ઈમિગ્રેશન સ્ટ્રીમ્સમાં નોમિનીઓને વિતરણ કરવા માટે કુલ 14,119 નોમિનેશન મંજૂર કર્યા છે.

ઑન્ટારિયોએ 6 ફેબ્રુઆરી, 2026 ના રોજ તેના OINP અપડેટ્સ વેબપેજ પર આ વિગતો જાહેર કરી હતી.

આ લખાણ લખાય છે ત્યાં સુધી, OINP એ હજુ સુધી વર્ષ માટે કોઈ પ્રાથમિકતા ક્ષેત્રો અને વ્યવસાયો અથવા પ્રતિ-સ્ટ્રીમ નોમિનેશન વિતરણની જાહેરાત કરી નથી.

**OINP નું 2026 નોમિનેશન અગાઉના સ્તરો સાથે કેવી રીતે તુલના કરે છે?**

૨૦૨૬ માટે OINP ના ૧૪,૧૧૯ નોમિનેશન્સ ૨૦૨૫ માં ફેડરલ સરકાર તરફથી મળેલા ૧૦,૭૫૦ નોમિનેશન્સની સરખામણીમાં આશરે ૩૧% નો વધારો દર્શાવે છે.

આ વર્ષે પ્રાંતીય નોમિની પ્રોગ્રામ્સ (PNPs) માં ઈમિગ્રેશન વિભાગના કાયમી નિવાસ (PR) પ્રવેશ લક્ષ્યમાં વધારો થવાને કારણે આનું કારણ બની શકે છે, કારણ કે સ્તર ૨૦૨૬ માં ૫૫,૦૦૦ થી વધીને ૯૧,૫૦૦ થયું છે.

વધતી PR પ્રવેશ જગ્યાઓ સાથે, પ્રાંતો અને પ્રદેશોમાં ૨૦૨૫ ની શરૂઆતમાં પ્રારંભિક ફાળવણીની તુલનામાં તેમના નોમિનેશન સ્લોટની સંખ્યામાં વધારો થવાની સંભાવના છે.

આ પહેલાથી જ એવા અધિકારક્ષેત્રોમાં છે જેમણે વર્ષ માટે તેમના નોમિનેશનની જાહેરાત કરી છે, જેમાં આલ્બર્ટા, બ્રિટિશ કોલંબિયા, સાસ્કાચેવાન અને યુકોનનો સમાવેશ થાય છે.

અન્ય પ્રાંતો અને પ્રદેશોથી વિપરીત, ઑન્ટારિયોને ૨૦૨૫ માં તેના પ્રાંતીય નોમિનેશન ફાળવણીમાં વધારો મળ્યો ન હતો, જે સમગ્ર વર્ષ દરમિયાન તેના પ્રારંભિક ૧૦,૭૫૦ નોમિનેશન પર રહ્યો.

ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ઓન્ટારિયોમાં સ્લોટની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે, પરંતુ તેનું નોમિનેશન સ્તર 2024 (21,500) કરતા નોંધપાત્ર રીતે ઓછું છે.


**આગામી સ્ટ્રીમ કોન્સોલિડેશન**

ઓન્ટારિયોએ વ્યાપક કાર્યક્રમ પુનઃડિઝાઈનના ભાગ રૂપે OINP સ્ટ્રીમ્સના મુખ્ય કોન્સોલિડેશનનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. આયોજિત બે-તબક્કાના ઓવરહોલ હેઠળ, પ્રાંત પહેલા તેના ત્રણ એમ્પ્લોયર જોબ ઓફર સ્ટ્રીમ્સને બહુવિધ ટ્રેક સાથે એક જ સ્ટ્રીમમાં મર્જ કરશે.

પછીના તબક્કામાં, મોટાભાગના હાલના સ્ટ્રીમ્સને દૂર કરવામાં આવશે અને આરોગ્યસંભાળ કાર્યકરો, ઉદ્યોગસાહસિકો અને અસાધારણ પ્રતિભા પર ધ્યાન કેન્દ્રિત કરતા ત્રણ નવા માર્ગો સાથે બદલવામાં આવશે. ફેરફારો 2025 ના અંતમાં પ્રસ્તાવિત કરવામાં આવ્યા હતા અને અંતિમ નિયમનકારી મંજૂરીની રાહ જોતા 2026 અને તે પછી અમલમાં આવવાની અપેક્ષા છે.

ANB Immigration Services,
Toronto - Canada
905 230 4737
info@anbimmigration.com




HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999

# મહાશિવરાત્રી : શિવોડહમ્ શિવોડહમ્ સ્વંયભૂતિનો મહાપર્વ

**શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર**

સંત શિરોમણી શ્રી શંકરાચાર્યજી રચિત નિર્વાણષટ્ક સ્તોત્રમાં આવે છેઃ "ચિદાનંદરૂપમઃ શિવોડહમ્ શિવોડહમ્" આ સ્તોત્ર મહાશિવરાત્રીના તત્વજ્ઞાનને પરાકાષ્ઠાએ પહોંચાડે છે. 'હું જ શિવ છું' એવો અહંકાર નહીં, પરંતુ અહંકારના વિલય પછી ઉદભવતી અનુભૂતિ છે.

શિવપુરાણમાં જણાવ્યા અનુસાર બ્રહ્મા અને વિષ્ણુ વચ્ચે શ્રેષ્ઠતાનો વિવાદ થયો ત્યારે અશેષ તેજથી ભરેલ શિવલિંગ પ્રગટ થયું અને બંને દેવતાઓને પોતાનું અહંકાર ત્યાગવાનું શીખવ્યું. આ ઘટના મહાશિવરાત્રીના આરંભનું કારણ માનવામાં આવે છે. આ ઘટના ઉપનિષદીય સંદેશને પુષ્ટિ આપે છે કે પરમ તત્વ અપરિમિત, અનાદિ અને અનંત છે, જેને બુધ્ધિથી નહીં પરંતુ અનુભૂતિથી જ પામી શકાય.

બીજી લોકોક્તિ પ્રમાણે મહાશિવરાત્રી એ ભગવાન શિવ અને માતા પાર્વતીના વિવાહનો પાવન દિવસ છે. આથી આ દિવસ દાંપત્ય સુખ, સમર્પણ અને સંયમનું પ્રતિક પણ છે. શિવ તપસ્વી છે અને પાર્વતી શક્તિનું સ્વરૂપ - બન્નેનું મિલન સૃષ્ટિની પૂર્ણતા દર્શાવે છે. શિવરાત્રીની રાત્રે ધ્યાન અને મૌનનો વિશેષ મહિમા જણાવાયો છે. શિવ અને શક્તિનું મિલન, જે મહાશિવરાત્રીના પૌરાણિક સંદર્ભોમાં વર્ણવાય છે, તે ઉપનિષદીય દ્રષ્ટિએ ચેતના અને ક્રિયાશક્તિના મિલનનું પ્રતિક છે. જ્યારે જ્ઞાન અને કર્મ, વૈરાગ્ય અને કરૂણા એકરૂપ થાય છે, ત્યારે જીવન પૂર્ણતા પામે છે.

ઉપનિષદોમાં 'શિવ' શબ્દ સ્પષ્ટ રીતે નહીં પરંતુ બ્રહ્મ, આત્મા અને સત્યમ્-જ્ઞાનમ્-અનંતમ્ તરીકે વ્યાખ્યાયિત થયો છે. કૈવલ્ય ઉપનિષદમાં કહેવામાં આવ્યું છેઃ "સ એવ સર્વભૂતાત્મા, સર્વવ્યાપી, નિરંજનઃ" અર્થાત્ જે સર્વમાં વ્યાપ્ત છે, નિર્મળ છે, તે જ શિવતત્વ છે.

સંત પરંપરામાં પણ શિવત્વને આંતરિક અનુભૂતિ તરીકે સમજાવવામાં આવ્યું છે. સંત કબીરદાસ સ્પષ્ટ કહે છે, "મોં મંદિર મા મૂર્તિ ન બેસે. શિવ તો ઘટ ઘટ વાસ" અર્થાત્ શિવ કોઈ બાહ્ય મંદિરમાં બંધાયેલ નથી. પરંતુ દરેક હૃદયમાં નિવાસ કરે છે.

સંત દાદૂ દયાળ કહે છે, "શિવ કોઈ દૂર નથી રે ભાઈ, જાગે તો શિવ આપ હી પાઈ" જાગૃતિ આ જ મહાશિવરાત્રીનો મર્મ છે. આમ, આજના ભૌતિક યુગમાં મહાશિવરાત્રીનો સંદેશ અત્યંત પ્રાસંગિક છે. સંતવાણી અને ઉપનિષદો બંને આપણને એક જ માર્ગ બતાવે છે, બહાર શોધશો તો ભટકશો, અંદર વળશો તો શિવત્વ મળશે.

શિવલિંગનું પૂજન આકારરહિત પરમ સત્યનું પ્રતિક છે. ભગવાન શિવ વિનાશના દેવ નહીં, પરંતુ પરિવર્તનના દેવ છે. જે જૂનાને વિસર્જિત કરીને નવા માર્ગ માટે જગ્યા બનાવે છે. મહાશિવરાત્રી આપણને અહંકાર, આસક્તિ અને અજ્ઞાનનો ત્યાગ કરવાની પ્રેરણા આપે છે. આજના ભૌતિક યુગમાં મહાશિવરાત્રીનો સંદેશ વધુ પ્રાસંગિક બની જાય છે. આંતરિક શાંતિ, સંયમ અને આત્મસંયોજન દ્વારા જીવનને અર્થપૂર્ણ બનાવવાનું આ પર્વ શીખવે છે.

આજના ઝડપી અને તણાવસભર યુગમાં મહાશિવરાત્રીનો સંદેશ વધુ પ્રાસંગિક બની જાય છે. ભૌતિક સુખની આંધળી દોડ વચ્ચે આંતરિક શાંતિ અને સંતુલન જ જીવનને સાચો અર્થ આપે છે. મહાશિવરાત્રી પર્વ આપણને એનું સ્મરણ કરાવે છે. મહાશિવરાત્રી એટલે રાત્રિના અંધકારમાં દીવો પ્રગટાવવો, મનના કલહને શાંત કરવો અને આત્મામાં વસેલા પરમ તત્વને ઓળખવું. જ્યારે માનવ "અહં બ્રહ્માસ્મિ" અને "શિવોહમ" વચ્ચેનો ભેદ ભૂલી જાય, ત્યારે મહાશિવરાત્રીનું સાચું ફળ પ્રાપ્ત થાય છે.

મહાશિવરાત્રી આપણને સંદેશ આપે છે કે બહાર નહીં, અંદર જુઓ. ઈન્દ્રિયો પર સંયમ રાખીને, મનને સ્થિર કરીને અને આત્માને પરમ તત્વ સાથે જોડવાની આ શ્રેષ્ઠ રાત્રિ છે. આ દિવસે કરેલું જપ, ધ્યાન અને સાધના વિશેષ ફળ આપે છે. અંતે, મહાશિવરાત્રી એ માત્ર વિધિ નહીં, પરંતુ જીવન જીવવાની દૃષ્ટિ છે—અહંકારનો ત્યાગ, સત્યનો સ્વીકાર અને શાંતિનો અનુભવ. શિવત્વ પ્રાપ્ત કરવાનું આમંત્રણ છે મહાશિવરાત્રી.

## શ્રી કપાલેશ્વર મંદિર

એમ તો વિશ્વભરમાં દેવાધિદેવ મહાદેવના અનેક મંદિરો છે પરંતુ નાસિક શહેરના પ્રસિધ્ધ પંચવટી વિસ્તારમાં ગોદાવરીના તટની પાસે કપાલેશ્વર મહાદેવનું મંદિર વિશેષ રૂપે આવેલું છે. ભગવાન શિવજીએ અહીંયા નિવાસ કર્યો હતો તેવી વાત પુરાણોમાં કહેવામાં આવી છે. આ ભારત દેશમાં પહેલું મંદિર છે જયાં ભગવાન શિવજીની સામે નંદી નથી. આ જ આ મંદિરની વિશેષતા છે.

અહીંયા નંદી ન હોવા પાછળની વાર્તા ખુબ જ રસપ્રદ છે. એક દિવસ ઈંદ્રની સભામાં બ્રહ્મદેવ અને શિવજી વચ્ચે વિવાદ થઈ ગયો. તે વખતે બ્રહ્મ દેવને પાંચ મોઢા હતાં. ચાર મોઢા વેદોનું ઉચ્ચારણ કરતાં હતાં અને પાંચમુ નિંદા કરતું હતું. તે નિંદાથી કંટાળી જઈને શિવજીએ તે મોઢાને કાપી નાંખ્યું. આ ઘટનાને લીધે તેમને બ્રહ્મ હત્યાનું પાપ લાગી ગયું અને તે પાપથી મુક્તિ મેળવવા માટે તેઓ બ્રહ્માંડની અંદર ફરી રહ્યાં હતાં પરંતુ તેમને મુક્તિનો ઉપાય નહોતો મળી રહ્યો.

એક દિવસ શિવજી બેઠા હતાં ત્યાં તેમની સામે એક ગાય અને તેનું વાછરડું એક બ્રાહ્મણના ઘરની સામે ઉભા હતાં. તે બ્રાહ્મણ વાછરડાના નાકમાં રસ્સી નાંખવાનો પ્રયાસ કરતો હતો. વાછરડુ તેનો વિરોધ કરતું હતું. બ્રાહ્મણને વાછરડુ મારવા માંગતુ હતુ. તેવામાં જ ગાયે કહ્યું કે બેટા આવુ ન કરીશ નહીતર તને બ્રહ્મ હત્યાનું પાપ લાગશે. ત્યારે વાછરડાએ કહ્યું કે બ્રહ્મ હત્યાના પાપમાંથી મુક્તિ કેવી રીતે મળે તે મને ખબર છે. આ સંવાદ સાંભળી રહેલ શિવજીના મનમાં ઉત્સુકતા પેદા થઈ. વાછરડાએ નાકની અંદર રસ્સી નાંખવા માટે આવેલ બ્રાહ્મણના પેટમાં પોતાના શીંગડા નાંખી દીધા જેને લઈને બ્રાહ્મણ માર્યો ગયો.

ત્યાર બાદ તે વાછરડાનો રંગ કાળો પડી ગયો. ત્યાર બાદ વાછરડુ નીકળી પડ્યું. શિવજી પણ તેની પાછળ પાછળ ચાલી નીકળ્યાં. વાછરડુ ગોદાવરી નદીના રામકુંડમાં આવ્યું અને ત્યાં સ્નાન કર્યું. તે સ્નાનને લીધે બ્રહ્મ હત્યાનું પાપ ધોવાઈ ગયું અને વાછરડાને પોતાનો સફેદ રંગ ફરીથી પાછો મળી ગયો. ત્યાર બાદ શિવજીએ પણ રામકુંડમાં સ્નાન કર્યું. તેમને પણ બ્રહ્મ હત્યાના પાપમાંથી મુક્તિ મળી ગઈ.

આ ગોદાવરી નદીને કિનારે એક ટેકરી હતી. શિવજી ત્યાં ચાલ્યાં ગયાં. શિવજીને ત્યાં જતાં જોઈને (ગાયનું વાછરડુ) નંદી પણ ત્યાં ગયું. નંદીને લીધે જ શિવજીને પાપમાંથી મુક્તિ મળી હતી. એટલા માટે તેમણે નંદીને ગુરૂ માન્યો અને પોતાની સામે ન બેસવા માટે અનુરોધ કર્યો. આને લીધે જ આ મંદિરમાં નંદી નથી. એવું કહેવામાં આવે છે કે આ નંદી ગોદાવરીના રામકુંડમાં જ છે.

આ મંદિરનું ખુબ જ મહત્વ છે. બાર જ્યોતિર્લીંગ બાદ આ મંદિર આવે છે તેવું માનવામાં આવે છે. પુરાતન કાળમાં આ ટેકરી પર શિવજીની પીંડી હતી. પરંતુ હવે અહીંયા વિશાળ મંદિર છે. પેશવાઓના કાર્યકાળ દરમિયાન આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો. મંદિરની સીડીઓ ઉતરતાંની સાથે જ સામે ગોદાવરી વહેતી જોવા મળે છે. આ જ મંદિરની અંદર પ્રસિદ્ધ રામકુંડ છે. ભગવાન રામે પણ આ કુંડની અંદર પોતાના પિતા દશરથનું શ્રાદ્ધ કર્યું હતું.

અંતે મહાશિવરાત્રીના દિવસથી અમલમાં મુકવા જેવી બાબતોઃ

આત્મસંયમ - "હું મારા વિચાર, વાણી અને વર્તનમાં સંયમ રાખીશ. ક્રોધ, ઉતાવળ અને અશાંત મનને શિવચેતનામાં સ્થિર કરવાનો સંકલ્પ."

સત્ય અને સાદગી - "હું સત્ય બોલીશ અને સરળ જીવન જીવવાનો પ્રયત્ન કરીશ. શિવ નિર્વિકાર છે એટલે જીવનમાં બનાવટ નહીં, નિખાલસતા."

નિયમિત સ્મરણ/ધ્યાન - "હું રોજ ઓછામાં ઓછા થોડા મિનિટ શિવસ્મરણ અથવા મૌન ધ્યાન કરીશ."

નકારાત્મક વૃત્તિ ત્યાગ - "હું ઈર્ષ્યા, દ્વેષ અને અહંકારને ઓળખી ને ધીમે ધીમે છોડવાનો પ્રયત્ન કરીશ. અહંકારનો ત્યાગ એટલે શિવનો સ્વીકાર"

દુઃખને ચેતનામાં રૂપાંતરિત કરવા - "જીવનમાં આવતી મુશ્કેલીઓને ફરિયાદ નહીં, શીખ તરીકે સ્વીકારીશ. વિષપાનનો સંદેશ-દુઃખ ગળામાં રાખો, હૃદયમાં નહીં."

સેવા અને કરુણા - "હું શક્ય તેટલું કોઈને મદદ કરીશ, નિષ્કામ ભાવથી. શિવ સર્વભૂત હિતાય."

મૌન અને સ્વઅવલોકન - "મૌન એ શિવનો મૂળ સ્વભાવ છે. હું રોજ થોડો સમય મૌનમાં રહીને પોતાને ઓળખીશ."

પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બનવું - "હું પ્રકૃતિને નુકસાન નહીં પહોંચાડું અને શક્ય હોય ત્યાં રક્ષણ કરીશ. શિવ = ભૂતનાથ, પ્રકૃતિનો રક્ષક."

ક્ષમા અને મુક્તિ - "હું મનમાં ઉદ્ભવેલા દ્વેષને ક્ષમામાં ફેરવીશ. ક્ષમા એટલે આત્મમુક્તિ."

'અહં શિવોડહમ્' ને જીવનમાં ઉતારીશ. હું પરિસ્થિતિમાં નહીં, ચેતનામાં જીવવાનો પ્રયત્ન કરીશ.



# માનવ એક સમાન

લેખકઃ હસમુખ બી. પટેલ
'હર્ષ'-'પરખ', અમદાવાદ-નારદીપુર



વિશ્વમાં પ્રત્યેક વર્ષે 20 ફેબ્રુઆરીએ વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Social Justice Day) ઉજવાય છે. યૂએન દ્વારા વર્ષ 2007 થી આ ખાસ દિવસ મનાવામાં આવે છે.

આજના ડીજીટલ અને હરણફાળ વિકાસ કરતા વિશ્વમાં કોઈક ને કોઈક કારણસર પરસ્પર ઓછા વત્તા અંશે ભેદભાવ થઈ રહ્યો છે. આ ભેદભાવ અને અસમાનતા એકબીજા વચ્ચે અંતર ઉત્પન્ન કરી રહી છે, જેને કારણે મુશ્કેલીઓ, હાડમારી, કલહ, અપરાધ સતત વધી રહ્યા છે. સમગ્ર વિશ્વમાંથી આ બધી સમસ્યાઓ દૂર થાય અને લોકો માંહોમાંહે હળીમળીને ઐક્ય સાથે રહે એ માટે 20 ફેબ્રુઆરીએ વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Social Justice Day - સામાજિક ન્યાય સમાનતા દિવસ) ઉજવાય છે.આ દિવસ સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવાની માર્ગદર્શિકા ઉજાગર કરતો આંતરરાષ્ટ્રીય દિવસ છે, જેમાં ગરીબી, બાકાત, લિંગ અસમાનતા, બેરોજગારી, માનવ અધિકારો અને સામાજિક સુરક્ષા જેવા મુદ્દાઓને ઉકેલવાના પ્રયાસોનો સમાવેશ થાય છે.

આ ઉજવણીનો મુખ્ય હેતુ સામાજિક અન્યાય અને સતત વધતી અસમાનતા સામે અવાજ ઉઠાવવાનો છે. સાથોસાથ ગરીબી, જાતિ, સામાજિક સ્તર, લિંગ, શારીરિક ભેદભાવ, નિરક્ષરતા, ધાર્મિક ભેદભાવને દૂર કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ સમુદાયોને એકઠા કરવાનો છે. જેથી સામાજિક રીતે સુગ્રથિત અને સુવ્યવસ્થિત સમાજનું નિર્માણ સંભવી શકે. આજની યુવાશક્તિને પ્રવર્તમાન સામાજિક અન્યાય સામે અવાજ ઉઠાવવા માટે જાગૃત કરવી અનિવાર્ય બની રહી છે. જો હકારાત્મક પ્રયાસો કરવામાં આવે તો જાતિ, વય, જાતિ, વંશ, ધર્મ, સંસ્કૃતિ કે વિકલાંગતાના સંદર્ભમાં અવરોધોને દૂર કરવા શક્ય બને. આ દિવસે, ઘણી શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ ગરીબી, સામાજિક અને આર્થિક બહિષ્કાર અથવા બેરોજગારી સંબંધિત વિષયો પર વિશેષ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરે છે.

1995 માં, ડેનમાર્કના કોપનહેગનમાં સામાજિક વિકાસ માટે વિશ્વ શિખર સંમેલન યોજાયું હતું, જેમાં ગરીબી સામે લડવા, સંપૂર્ણ રોજગાર સુનિશ્ચિત કરવા અને સ્થિર, સલામત સમાજ બનાવવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. ફેબ્રુઆરી 2005 માં, યુએન સભ્ય દેશોએ કોપનહેગન ઘોષણાની સમીક્ષા કરી સામાજિક સમાનતાના માર્ગ પર સાયુજ્યથી આગળ વધવા માટે નક્કી કર્યું. 26 નવેમ્બર 2007 ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા વિશ્વ સામાજિક ન્યાય દિવસને મહત્વના દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. આ દિવસની ઉજવણી માટે 20 ફેબ્રુઆરીને દિવસ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો, જે સૌપ્રથમ 2009 માં ઉજવવામાં આવ્યો હતો. આ દિવસનો ઉદ્દેશ્ય સામાજિક કલ્યાણ માટે જોખમો પેદા કરતા અન્યાય અને શ્રમ અસુરક્ષાને લક્ષ્ય બનાવીને સમાનતા આધારિત સમાજનું નિર્માણ કરવાનો છે. આધુનિક સમાજમાં તમામ લોકોને સમાન તકો અને સુવિધાઓ મળવી જોઈએ - તે માત્ર સામાજિક ન્યાયનો જ નહીં પરંતુ તમામ દેશોનો આદર્શ છે. સામાજિક ન્યાયનું ધ્યેય એ સુનિશ્ચિત કરવાનું છે કે લોકો સમાજમાંથી એ બધું જ મેળવી શકે જેના તેઓ હકદાર છે. આ માટે સમાજની વિવિધ સંસ્થાઓને અધિકારો અને કર્તવ્યો આપવામાં આવે છે, જેથી આ લક્ષ્ય પ્રાપ્ત થઈ શકે.

## છેલ્લા દશ વર્ષની બધી વિષયવસ્તુ (થીમ) :

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Social Justice Day) માટે પ્રત્યેક વર્ષે એક વાર્ષિક વિષયવસ્તુ (થીમ) રજૂ કરવામાં આવે છે. આમ, વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Social Justice Day) દર વર્ષે કોઈને કોઈ થીમ પર ઉજવવામાં આવે છે. છેલ્લા દશ વર્ષની બધી વિષયવસ્તુ (થીમ)ની સૂચિ :

2017: 10મી વર્ષગાંઠ: સંઘર્ષને અટકાવવો અને બિલકુલ સુનિશ્ચિત કાર્ય દ્વારા શાંતિ ટકાવી રાખવી. ("10th Anniversary: Preventing Conflict and Sustaining Peace through Decent Work") > વર્ષ 2017 એ આંતરરાષ્ટ્રીય વિશ્વ સામાજિક ન્યાય દિવસનું (World Social Justice Day) ૧૦ મું વર્ષ હતું.

2018: કાર્યશીલ કામદારો: સામાજિક ન્યાયનું સંશોધન ("Workers on the Move: The Quest for Social Justice")

2019: જો તમે શાંતિ અને વિકાસ ઈચ્છતા હોવ, તો સામાજિક ન્યાય માટે કાર્ય કરો. ("If You Want Peace and Development, Work for Social Justice")

2020: સામાજિક ન્યાય પ્રાપ્ત કરવા માટે અસમાનતાઓના અંતરને દૂર કરવું. ("Closing the Inequalities Gap to Achieve Social Justice")

2021: ડિજિટલ અર્થતંત્રમાં સામાજિક ન્યાય માટે આહવાન :("A Call for Social Justice in the Digital Economy ")

2022: ઔપચારિક રોજગાર દ્વારા સામાજિક ન્યાય પ્રાપ્ત કરવા (" Achieving Social Justice through Formal Employment")

2023: અવરોધોને દૂર કરવા અને સામાજિક ન્યાય માટે તકો મુક્ત કરવા (ડિજિટલ વિભાજનને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું) ("Overcoming Barriers and Unleashing Opportunities for Social Justice (Focused on addressing digital divides) ") સામાજિક ન્યાય માટે અવરોધો ઉપર કાબૂ મેળવવો અને અવસરો ઉજાગર કરવા એ ધ્યેય સાથે આ થીમ નક્કી કરવામાં આવી હતી.

2024: અંતર દૂર કરવા, જોડાણો બનાવવા ("Bridging Gaps, Building Alliances") આમ, અંતરાયો દૂર કરીને સાયુજ્ય સ્થાપવાનો લક્ષ્યાંક આ વિષયવસ્તુ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવેલ હતો.

2025: ટકાઉ અને સ્થાયી ભવિષ્ય માટે ન્યાયી સંક્રમણને મજબૂત બનાવવું ("Strengthening a Just Transition for a Sustainable Future") આ થીમ દ્વારા સશક્તિકરણ સમાવેશ થકી સામાજિક ન્યાય માટે અંતરાયો દૂર કરવાનો હેતુ નિર્ધારિત કરવામાં આવેલ હતો.

૨૦૧૭-૨૦૨૫ ના વિશ્વ સામાજિક ન્યાય દિવસ (૨૦ ફેબ્રુઆરી) ના થીમ્સ એટલે કે વિષયવસ્તુ મુખ્યત્વે ભિન્ન ભિન્ન પ્રકારની અસમાનતાના અંતરને દૂર કરવા, ડિજિટલ ન્યાય અને તાજેતરમાં, ટકાઉ, સમાવિષ્ટ ભવિષ્ય તરફ સંક્રમણને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મુખ્યત્વે આ બધી જ થીમ્સ (વિષયવસ્તુ) આંતરરાષ્ટ્રીય એકતા, યોગ્ય કાર્ય અને ગરીબી ઘટાડવા પર વિશેષ પ્રભાવશાળી બની રહી છે.

વર્તમાન વર્ષ ઈ.સ. 2026 માં આવી રહેલ વિશ્વ સામાજિક ન્યાય દિવસની (World Social Justice Day) થીમ સંકલિત, સમાન અને સમાવિષ્ટ નીતિઓ દ્વારા સામાજિક વિકાસ અને સામાજિક ન્યાયને આગળ વધારવો (Advancing Social Development and Social Justice through Coordinated, Equitable, and Inclusive Policies) એ નક્કી કરવામાં આવેલી છે.

આવો, આપણે સૌ તા. ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ વિશ્વ સામાજિક ન્યાય દિવસની (World Social Justice Day) ઉજવણી કરીએ. કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે આપણે એક સાહિત્યકાર / વાચક / શુભેચ્છક તરીકે સમાજમાં સમાનતા ઉજાગર કરવાના શપથ લઈએ. આપણા લાગતાવળગતા સૌને વિશ્વ સામાજિક ન્યાય દિવસની (World Social Justice Day) સમજ આપી સામાજિક ન્યાય માટે જાગૃત કરીએ.

DP
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

**FINANCIAL ADVISOR**



## INSURANCE

- Life & Critical Illness Insurance
- Mortgage Protection Insurance
- Travel & Super Visa Insurance
- Disability Insurance
- Medical Insurance

## INVESTMENTS

- RRSP, RDSP, TFSA, RRIF & Annuities
- Children Education Plans
- Estate Planning

**Contact : (647) 834-8690**

**@ Dharmendrapatel@primerica.com**

# insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690

O : 647 507 9219 | F: 647 872 9219

dharma.patel@insureline.com | www.insurelinepearl.com

7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6

Independently Owned & Operated

# “વ્રજ યાત્રા, બરસાના અને ગિરિરાજજીની પરિક્રમા - વૈષ્ણવ ભક્તિનું પરમ પુણ્યસાધન”



લેખક નિર્મળાબેન દરજી રિટાયર્ડ શિક્ષિકા કેનેડા

વૈષ્ણવ પરંપરામાં વ્રજ યાત્રા માત્ર એક ધાર્મિક પ્રવાસ નથી, પરંતુ તે ભક્તિના જીવંત અનુભવનું મહાપર્વ છે. ગોકુળ, મથુરા, વૃંદાવન, બરસાના અને ગિરિરાજજી - આ પવિત્ર ધામો વૈષ્ણવ હૃદયના ચિરંજીવ આધારસ્તંભ સમાન છે. અહીંની દરેક ધૂળકણમાં શ્રી કૃષ્ણ ભગવાનની લીલા ગુંજે છે અને દરેક શ્વાસમાં “રાધે-શ્રી કૃષ્ણ” નો પવિત્ર જપ પ્રસરતો રહે છે.

ગોકુળ - શ્રી કૃષ્ણ ભગવાનની નિર્દોષ બાળલીલાઓનું પવિત્ર સ્થાન. યશોદામૈયાની મમતા, નંદબાબાની લાગણી અને કાનુડાના રમકડાં જેવી નિર્મળતા ભક્તના અંતરને સ્પર્શી જાય છે. ગોકુળ ભક્તને શીખવે છે કે ભગવાન સુધી પહોંચવાનો માર્ગ નિષ્કપટ પ્રેમ અને સરળતામાં રહેલો છે.

મથુરા - શ્રી કૃષ્ણ ભગવાનનું જન્મસ્થળ. આ પવિત્ર ધરતી પર પગ મૂકતાં જ ભક્તના હૃદયમાં ભક્તિનો અદભુત સ્પંદન જાગે છે. અંધકારમય કેદખાનામાં અવતરેલા શ્રી કૃષ્ણ ભગવાને વિશ્વને સંદેશ આપ્યો કે અધર્મ પર ધર્મનો અને અંધકાર પર પ્રકાશનો વિજય નિશ્ચિત છે.

વૃંદાવન - પરમ પ્રેમ અને રાસલીલાનું પવિત્ર કેન્દ્ર. બાંકે બિહારીજીના દર્શન, યમુનાજીનું પવિત્ર જળ અને કુંજગલીઓમાં ગુંજતા હરિનામ ભક્તને અલૌકિક આનંદ આપે છે. વૃંદાવન ભક્તિને માત્ર ઉપાસના નહીં, પરંતુ શ્રી કૃષ્ણ ભગવાન પ્રત્યેના પરમ પ્રેમ તરીકે પ્રગટ કરે છે.

બરસાના - શ્રી રાધારાણીનું જન્મસ્થળ અને અખૂટ કૃપાધામ. અહીંના પર્વતો, લાડલીજી મંદિર અને રાધારાણીની મહિમા ભક્તના હૃદયને દૈવી ભાવથી ભરી દે છે. બરસાનાની પરિક્રમા ભક્તને રાધા-ભક્તિનો અમૂલ્ય સંદેશ આપે છે - કે શ્રી કૃષ્ણ ભગવાન સુધી પહોંચવાનો માર્ગ રાધારાણીની કૃપાથી સુલભ બને છે.

અને આ યાત્રાનો શિખર સમાન અનુભવ છે - ગિરિરાજજીની પરિક્રમા.

લગભગ ૨૧ કિમીની ગિરિરાજજી પરિક્રમા વૈષ્ણવ માટે મહાપાવન સાધના છે. ગિરિરાજજીને શ્રી કૃષ્ણ ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ માનવામાં આવે છે. ઈન્દ્રના અહંકારનો ભંગ કરવા અને વ્રજવાસીઓની રક્ષા માટે શ્રી કૃષ્ણ ભગવાને ગોવર્ધન ઉંચક્યો - તે પ્રસંગ અડગ શ્રદ્ધા અને સમર્પણનું પ્રતિક છે.

પરિક્રમા દરમિયાન “ગિરિરાજજી મહારાજ કી જય” અને “રાધે-શ્રી કૃષ્ણ” ના જયઘોષથી સમગ્ર વાતાવરણ પવિત્ર બની જાય છે. દાનઘાટી, માનસી ગંગા, રાધાકુંડ અને શ્યામકુંડ જેવા પવિત્ર સ્થળો ભક્તિને પરમ ઊંચાઈ આપે છે. દરેક પગલું પુણ્યવર્ધક અને દરેક નમન આત્મશુદ્ધિનું સાધન બને છે.

વ્રજની ૮૪ કોશ પરિક્રમા હોય કે ગિરિરાજજીની પરિક્રમા - બંને ભક્તને ભૌતિક જીવનની મર્યાદાઓથી ઉપર લઈ જઈ અંતરમાં શાંતિ, વિનમ્રતા અને શ્રી કૃષ્ણ ભગવાન પ્રત્યે અખંડ પ્રેમ જગાવે છે. યાત્રાળુઓ ભજન-કીર્તન, હરિનામ સંકીર્તન અને પરસ્પર સેવા દ્વારા ભક્તિની ગંગા વહેંચે છે - જે સમાજમાં એકતા અને સદભાવનાનો દિવ્ય સંદેશ આપે છે.

આધુનિક જીવનની વ્યસ્તતામાં જ્યારે મન થાકે છે, ત્યારે વ્રજ યાત્રા આત્માને નવચેતના આપે છે. અહીં ભક્તને અનુભવ થાય છે કે તે માત્ર યાત્રાળુ નથી, પરંતુ શ્રી કૃષ્ણ ભગવાનની લીલાભૂમિનો અવિનાશી અંશ છે.

અંતમાં વૈષ્ણવ હૃદયની પ્રાર્થના -

“વ્રજની રજ ચરણોમાં મળે, બરસાનાની કૃપા હૃદયમાં ફૂલે અને ગિરિરાજજીની છત્રછાયા જીવનભર રહે.”

વ્રજ યાત્રા, બરસાના દર્શન અને ગિરિરાજજીની પરિક્રમા - વૈષ્ણવ માટે ભક્તિનું પરમ પુણ્યસાધન અને જીવનનું મહાસૌભાગ્ય છે.

રાધે રાધે! શ્રી કૃષ્ણ ભગવાન કી જય! ગિરિરાજજી મહારાજ કી જય!

EDM Elite Digital Marketing LETS BE POPULAR
ELITE
PRINT & DIGITAL MARKETING
Lowest Price
- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting
facebook Link
Chat
Let's Start!
Let's Be popular
Find on Google
Parth Patel
647 655 5029



# ભગવાનની ફરિયાદ



લેખક શ્રી સત્સંગી
શ્રી ધવલભાઈ પટેલ સંકલન
મોર્ગેજ એજન્ટ કેનેડા

શીર્ષક કંઈક અજુગતું લાગે છે, નહિ? તમને એવું થતું હશે કે ભગવાન તો કાંઈ ફરિયાદ કરતા હશે. ચાલો સમજીએ કે આને ફરિયાદ કહેવી કે બીજું કાંઈ!

તમે યાર દેખાતા નથી, આવતા નથી.

અરે હોતું હશે તમે ક્યારે બોલાવ્યો અને કયારે ન આવ્યો તમે બોલાવો તો ખરા, ના આવું તો કેજો. આ વાર્તાલાપ ઘણીવાર તમે સાંભળ્યો હશે.

ભગવાન મારુ સાંભળતો નથી. ભગવાન મારા સિવાય બધાને મદદ કરે છે. ભગવાન બસ તું જોયા જ કર.

જેવી ભાત ભાતની ફરિયાદ આપણે ભગવાનને કરતા રહીએ છે.

પણ એક ભજન સાંભળતા મને એવું લાગ્યું કે ભગવાન પણ સામે ફરિયાદ કરી રહ્યો છે. જેને પણ આ ભજન લખ્યું છે એ ખરેખર ધન્યતાને પાત્ર છે.

કૃષ્ણ કહે છે મને કોણે બોલાવ્યો, કોણે બોલાવ્યો અને કયારે ન આવ્યો.

ભજનની પંક્તિ પરથી એવું લાગે છે કે ભગવાન આપણને ફરિયાદ કરે છે. કે મને કોણે બોલાવ્યો અને હું કયારે ન આવ્યો.

ભજનની પંક્તિ આવી છે.

કૃષ્ણ કહે છે મને કોણે બોલાવ્યો,કોણે બોલાવ્યો અને કયારે ન આવ્યો.

પ્રેમ ધરીને તો નરસિંહે બોલાવ્યો, નાગરી નાત જમાડવાને આવ્યો, કોણે બોલાવ્યો અને કયારે ન આવ્યો. કૃષ્ણ કહે છે...

નરસિંહ મેહતાની આ પ્રસંગ ખુબ જાણીતો છે કે ભગવાને ભક્ત નરસિંહ મેહતાની લાજ રાખવા આખી નાગર નાતને જમાડી. કેહવાનો ભાવાર્થ એ છે કે ભગવાનતો તમારી મદદે આવવા તૈયાર છે પણ આપણે શું નરસિંહ મેહતા જેવી શ્રદ્ધા રાખીએ છીએ ? નરસિંહ જેવી સાચી ભક્તિ અને અડગ શ્રદ્ધા છે? નથી તો ભગવાન કેમ કરીને આવશે?

કૃષ્ણ કહે છે મને કોણે બોલાવ્યો, કોણે બોલાવ્યો અને કયારે ન આવ્યો.

પ્રેમ ધરીને મીરાંબાઈએ બોલાવ્યો, ઝેરના તે પ્યાલા પીવાને આવ્યો, કોણે બોલાવ્યો અને કયારે ન આવ્યો. કૃષ્ણ કહે છે...

મીરાંબાઈની ભક્તિ અને ઝેરના પ્યાલાની આ વાર્તા ખૂબ જ પ્રેરણાદાયી છે. જ્યારે તેમની ભક્તિની કસોટી થઈ, ત્યારે ભગવાને પોતે આવીને તેમની રક્ષા કરી હતી.

મીરાંબાઈ મેવાડના રાજરાણી હતા, પરંતુ તેમનું ચિત્ત હંમેશા ભગવાન શ્રીકૃષ્ણ (ગિરધર ગોપાલ) ની ભક્તિમાં જ રહેતું હતું. તેઓ સાધુ-સંતો સાથે બેસીને ભજન કરતા અને મંદિરમાં નૃત્ય કરતા, જે તેમના પરિવારના સભ્યોને, ખાસ કરીને રાણા સાંગાના પુત્ર (વિક્રમજીત) ને પસંદ નહોતું.

મીરાંની કૃષ્ણ ભક્તિથી નારાજ થઈને રાણાએ તેમને મારી નાખવાનું નક્કી કર્યું. તેમણે વિચાર્યું કે જો મીરાં જીવિત નહીં રહે, તો કુળની મર્યાદા જળવાઈ રહેશે. રાણાએ એક પ્યાલામાં ભયંકર ઝેર ભરીને મીરાં પાસે મોકલ્યું અને સંદેશો કહેવડાવ્યો કે આ 'ચરણામૃત' છે. મીરાંબાઈ જાણતા હતા કે આ ઝેર હોઈ શકે છે, છતાં તેમણે હસતા મુખે તે પ્યાલો હાથમાં લીધો. તેમણે ભગવાન કૃષ્ણનું સ્મરણ કર્યું અને કહ્યું, "જો મારા ગિરધર ગોપાલની ઈચ્છા હશે, તો મારું કંઈ જ નહીં થાય. જેવું મીરાંએ ઝેર પીધું, તે ઝેર ભગવાનની કૃપાથી અમૃત બની ગયું! મીરાંને કોઈ અસર ન થઈ, ઉલટાનું તેમના ચહેરા પર વધુ તેજ આવી ગયું.

જો ભક્તિ સાચી હોય અને શ્રદ્ધા અડગ હોય, તો ઈશ્વર મૂર્તિમાંથી પણ પ્રગટ થાય છે અને ભક્તનું રક્ષણ કરવા માટે ઝેરને પણ અમૃત બનાવી દે છે. કોઈ આપણને ઝેર આપીને કહે કે ભગવાનનું નામ લઈને પી જાવ, તો? તો આપણો જવાબ શું હશે? અરે તમારામાં અક્કલ-બક્કલ છે કે નહિ? એમ તો કાંઈ ઝેર પીવાતા હશે, એમ કાંઈ ઝેરના પારખાં થતા હશે. પણ એના માટે મીરાંબાઈ જેવી સાચી ભક્તિ અને અડગ શ્રદ્ધા હોવી જોઈએ.

કૃષ્ણ કહે છે મને કોણે બોલાવ્યો, કોણે બોલાવ્યો અને કયારે ન આવ્યો.

પ્રેમ ધરીને સખુબાઈએ બોલાવ્યો, છાણ વાસીદા કરવાને આવ્યો, કોણે બોલાવ્યો અને કયારે ન આવ્યો. કૃષ્ણ કહે છે...

મહારાષ્ટ્રના કરાડ ગામના સખુબાઈ ભગવાન વિઠ્ઠલના પરમ ભક્ત હતા, પરંતુ તેમના સાસુ અને સસરા ખૂબ જ ક્રૂર હતા. તેઓ સખુબાઈને આખો દિવસ ઘરના કામમાં જોતરી રાખતા અને ત્રાસ આપતા.

જ્યારે સખુબાઈને યાત્રા પર જવાની ખૂબ ઈચ્છા થઈ, ત્યારે તેમના સાસુએ તેમને થાંભલા સાથે બાંધી દીધા જેથી તે જઈ ન શકે. સખુબાઈ રડતા રહ્યા અને વિઠ્ઠલને યાદ કરતા રહ્યા. પોતાના ભક્તની તડપ જોઈને ભગવાન વિઠ્ઠલ પોતે એક સ્ત્રીનું રૂપ લઈને આવ્યા. તેમણે સખુબાઈના બંધન ખોલ્યા અને તેમને પંઢરપુર મોકલી દીધા.

સખુબાઈ પંઢરપુર ગયા ત્યાં સુધી ભગવાન પોતે 'સખુબાઈ' બનીને તેમના ઘરે રહ્યા. તેમણે ઘરનું બધું જ કામ કર્યું—પાણી ભર્યું, વાસણ માંજ્યા, વાસીદું કર્યું અને છાણા પણ થાપ્યા. સખુબાઈના સાસુને નવાઈ લાગતી કે આ વહુ આજે આટલી જલ્દી અને આટલું સરસ કામ કેવી રીતે કરે છે! ભગવાને ભક્તના વેશમાં રહીને અત્યંત નમ્રતાથી બધી જ સેવા કરી.

ભગવાન માત્ર ભાવના ભૂખ્યા છે. જ્યારે સખુબાઈ પંઢરપુરથી પાછા આવ્યા, ત્યારે ભગવાને તેમને ફરીથી ત્યાં જ સ્થાપિત કરી દીધા અને પોતે અંતરધ્યાન થઈ ગયા. આ કથા દર્શાવે છે કે ભગવાન પોતાના ભક્તને કષ્ટમાં જોઈ શકતા નથી અને તેમની લાજ રાખવા માટે છાણા થાપવામાં પણ સંકોચ અનુભવતા નથી.

કૃષ્ણ કહે છે મને કોણે બોલાવ્યો, કોણે બોલાવ્યો અને કયારે ન આવ્યો.

પ્રેમ ધરીને દ્રૌપદીએ બોલાવ્યો, ૯૯૯ ચીર પૂરવાને આવ્યો, કોણે બોલાવ્યો અને કયારે ન આવ્યો. કૃષ્ણ કહે છે...

આ પંક્તિ દ્રૌપદીના ચીરહરણના સુપ્રસિદ્ધ પ્રસંગની છે, જેમાં ભગવાને દ્રૌપદીની લાજ રાખી હતી.

જ્યારે કૌરવોની સભામાં દુઃશાસન દ્રૌપદીના ચીર ખેંચી રહ્યો હતો અને ભીષ્મ પિતામહ જેવા મહારથીઓ નીચું જોઈને બેઠા હતા, ત્યારે દ્રૌપદીએ પોતાના બંને હાથ ઊંચા કરીને ભગવાન કૃષ્ણને આર્તસ્વરે પોકાર્યા હતા.

ભક્તની આ આકુળતા જોઈને દ્વારકાધીશ તરત જ પધાર્યા. દુઃશાસન જેમ જેમ સાડી ખેંચતો ગયો, તેમ તેમ ભગવાન ૯૯૯ ચીર (સાડીઓ) પૂરતા ગયા. સભામાં સાડીઓના ઢગલા થઈ ગયા, દુઃશાસન થાકીને હારી ગયો, પણ દ્રૌપદીનું ચીર ખૂટ્યું નહીં.

આ ઘટનાએ સાબિત કર્યું કે જ્યારે ભક્ત દુનિયાના બધા સહારા છોડીને માત્ર ભગવાન પર ભરોસો મૂકે છે, ત્યારે પ્રભુ તેને ક્યારેય એકલો મૂકતા નથી.

બીજા ભક્તોના પ્રસંગથી જાણીએકે ભગવાન ક્યારે આવે છે એના ભક્તોની સહાયે.

જનાબાઈ આખો દિવસ દળવા-ખાંડવાનું અને પશુઓના છાણ વેણવાનું કામ કરતા. તેઓ કામ કરતા જાય અને મુખેથી વિઠ્ઠલનું નામ લેતા જાય. તેમની ભક્તિ જોઈને ભગવાન વિઠ્ઠલ (વિઠોબા) થી રહેવાયું નહીં અને તેઓ મનુષ્ય રૂપ ધરીને તેમની મદદે આવવા લાગ્યા.

છાણા વીણવા અને થાપવા: જનાબાઈ જ્યારે છાણ વીણવા જાય ત્યારે ભગવાન પણ તેમની સાથે છાણ વીણાવતા અને છાણા થાપવામાં મદદ કરતા.

એકવાર એવું બન્યું કે જનાબાઈના છાણા બીજાના છાણા સાથે ભળી ગયા. ત્યારે જનાબાઈએ કહ્યું કે, "મારા છાણામાંથી વિઠ્ઠલ-વિઠ્ઠલ અવાજ આવશે." જ્યારે દરેક છાણાને કાન પાસે રાખવામાં આવ્યા, ત્યારે ખરેખર જનાબાઈએ થાપેલા છાણામાંથી 'વિઠ્ઠલ વિઠ્ઠલ' ના નાદ સંભળાતા હતા!

ભગવાન જનાબાઈ સાથે બેસીને દળણું દળતા, તેમના લુગડાં ધોઈ આપતા અને માથું પણ ઓળી આપતા. ભગવાને ભક્ત માટે દાસીના દાસ બનવાનું સ્વીકાર્યું હતું.

આ પ્રસંગ આપણને શીખવે છે કે ભગવાનને પામવા માટે મોટા પંડિત હોવું જરૂરી નથી. જો તમે તમારા રોજિંદા કામને જ ઈશ્વરની સેવા માનીને કરો, તો ભગવાન પોતે તમારા કામમાં મદદ કરવા આવે છે.

બીજો એક સુપ્રસિદ્ધ પ્રસંગ યાદ આવે છે જે નાના મોટા સૌ જાણે છે. પ્રસંગ છે બાળભક્ત પ્રહલાદનો. બાળભક્ત પ્રહલાદની ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન નૃસિંહનું રૂપ લઈને આવ્યા ને હિરણ્યકશિપુનો અંત કર્યો અને પોતાના ભક્તનું રક્ષણ કર્યુ.

આવા તો કેટલા બધા પ્રસંગો છે જેની માટે હજારો પાનાની પુસ્તક લખાય.

ટૂંકમાં સત્ય એટલું છે કે

"આમ, ફરિયાદ આપણી હોય કે ભગવાનની, સત્ય તો એ જ છે કે સંબંધમાં અંતર આપણે વધાર્યું છે. આપણે તેમને 'માંગવા' માટે બોલાવીએ છીએ, પણ જે દિવસે આપણે તેમને 'પ્રેમ' થી બોલાવીશું, તે દિવસે કદાચ ફરિયાદ માટે કોઈ શબ્દ જ નહીં બચે. કારણ કે, તે તો દ્વાર ખોલીને ઊભા જ છે, બસ આપણી એક સાચી બૂમની રાહ જોઈ રહ્યા છે."

જયશ્રી કૃષ્ણ
હર હર મહાદેવ
જયશ્રી સ્વામિનારાયણ

# મહાશિવરાત્રી : ભગવાન શિવની મહિમા અને પવિત્ર કથાઓ

શિવરાત્રી દર મહિને મનાવવામાં આવે છે, ત્યારે મહાશિવરાત્રી વર્ષમાં એકવાર ઉજવવામાં આવે છે. સંસ્કૃતમાં, 'મહાશિવરાત્રી' નો અર્થ થાય છે 'ભગવાન શિવની મહાન રાત્રિ'. ભારતીય કેલેન્ડર મુજબ મહા મહિનાના ' કૃષ્ણ પક્ષ ' ના 14મા દિવસે અથવા 'ફાલ્ગુન' મહિનામાં ચંદ્રના અસ્ત થવાના તબક્કામાં મહા શિવરાત્રી મનાવવામાં આવે છે. તે કેલેન્ડર ગ્રેગોરિયનના મધ્ય ફેબ્રુઆરીથી મધ્ય માર્ચ મહિનાની સમકક્ષ છે.

મહાશિવરાત્રી વિશે પેઢીઓથી ઘણી વિચિત્ર વાર્તાઓ આપણા પૂર્વજો દ્વારા કરવામાં આવી છે.અહીં આપણે મહાશિવરાત્રી સાથે જોડાયેલી કેટલીક પ્રસિદ્ધ કથાઓ જોઈએ.

શિવલિંગની ઉત્પત્તિ મહાશિવરાત્રી સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. એવું માનવામાં આવે છે કે એકવાર ભગવાન વિષ્ણુ અને ભગવાન બ્રહ્મા સર્વોચ્ચતા માટે લડ્યા. તેઓએ અત્યંત શક્તિશાળી 'મહેશ્વર' અને 'પશુપતાસ્ત્ર' નામના શસ્ત્રો એકબીજા પર ફેંક્યા. સમગ્ર સૃષ્ટિના સંપૂર્ણ વિનાશના ભયથી દેવતાઓ ભગવાન શિવની પાસે ગયા. તેઓએ ભગવાન શિવને વિનંતી કરી. લડાઈ બંધ કરો અને સર્જનને બચાવો. ભગવાન શિવ પોતે પ્રકાશના સ્તંભ તરીકે પ્રગટ થયા.બે દેવો વચ્ચે લડાઈનો કોઈ અંત નથી.. તેમણે ભગવાન વિષ્ણુ અને ભગવાન બ્રહ્મા દ્વારા ફેંકવામાં આવેલા ભયંકર શસ્ત્રો પચાવી લીધા અને શિવ ભગવાને સૃષ્ટિને બચાવી.

ભગવાન બ્રહ્મા અને ભગવાન વિષ્ણુએ હવે 'આદિ' (શરૂઆત) અને 'અંત' (અંત) ની શોધ કરી તે ભગવાન શિવનું આ સ્વરૂપ. તેઓ પ્રકાશ સ્તંભ તરીકે દૈવી પહોંચને સમજી શક્યા નથી.અનંત (અનંત) હોવાનું જણાયું હતું. પ્રકાશના આ સ્તંભને પ્રથમ લિંગ તરીકે ગણવામાં આવે છે.ભગવાન શિવનું પ્રાગટ્ય જે 'કૃષ્ણ પક્ષ'ના ૧૪મા દિવસે થયું હતું.'ફાલ્ગુન', મહાશિવરાત્રી તરીકે ઉજવાય છે.



લેખક શ્રી કિરીટભાઈ પટેલ કેનેડા સંકલન

હતું.'ફાલ્ગુન', મહાશિવરાત્રી તરીકે ઉજવાય છે.

શિવલિંગની ઉત્પત્તિ મહાશિવરાત્રી સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. એવું માનવામાં આવે છે કે એકવાર ભગવાન વિષ્ણુ અને ભગવાન બ્રહ્મા સર્વોચ્ચતા માટે લડ્યા. તેઓએ અત્યંત શક્તિશાળી 'મહેશ્વર' અને 'પશુપતાસ્ત્ર' નામના શસ્ત્રો એકબીજા પર ફેંક્યા. સમગ્ર સૃષ્ટિના સંપૂર્ણ વિનાશના ભયથી દેવતાઓ ભગવાન શિવની પાસે ગયા. તેઓએ ભગવાન શિવને વિનંતી કરી. લડાઈ બંધ કરો અને સર્જનને બચાવો. ભગવાન શિવ પોતે પ્રકાશના સ્તંભ તરીકે પ્રગટ થયા.બે દેવો વચ્ચે લડાઈનો કોઈ અંત નથી.. તેમણે ભગવાન વિષ્ણુ અને ભગવાન બ્રહ્મા દ્વારા ફેંકવામાં આવેલા ભયંકર શસ્ત્રો પચાવી લીધા અને શિવ ભગવાને સૃષ્ટિને બચાવી.

ભગવાન બ્રહ્મા અને ભગવાન વિષ્ણુએ હવે 'આદિ' (શરૂઆત) અને 'અંત' (અંત) ની શોધ કરી તે ભગવાન શિવનું આ સ્વરૂપ. તેઓ પ્રકાશ સ્તંભ તરીકે દૈવી પહોંચને સમજી શક્યા નથી.અનંત (અનંત) હોવાનું જણાયું હતું. પ્રકાશના આ સ્તંભને પ્રથમ લિંગ તરીકે ગણવામાં આવે છે.ભગવાન શિવનું પ્રાગટ્ય જે 'કૃષ્ણ પક્ષ'ના ૧૪મા દિવસે થયું




ભગવાન શિવ અને માતા પાર્વતી વિશે એવું માનવામાં આવે છે કે ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં ત્રિયુગીનારાયણ મંદિર નામનું એક મંદિર છે ત્યાં ભગવાન શિવે માતા પાર્વતી સાથે લગ્ન કર્યા હતા. સંસ્કૃતમાં 'ત્રિ' નો અર્થ ત્રણ અને 'યુગ' એ હજારો વર્ષોના યુગનો ઉલ્લેખ કરે છે, નારાયણ જેમનું બીજું નામ છે ભગવાન વિષ્ણુ. આ મંદિર પ્રચલિત માન્યતા મુજબ 'અખંડ' તરીકે ત્રિયુગી તરીકે ઓળખાય છે.છેલ્લા ત્રણ યુગોથી આ મંદિરમાં ધૂણી અથવા શાશ્વત અગ્નિ પ્રજ્વલિત છે.એવું કહેવાય છે કે આ 'અખંડ ધૂણી' સમક્ષ આ દૈવી લગ્ન થયા હતા. દેવી પાર્વતી માટે ભગવાન વિષ્ણુ કન્યાના ભાઈ, જ્યારે ભગવાન બ્રહ્મા તરીકે તેમની ફરજો બજાવી લગ્નની ઉજવણી કરી. અને, આ દિવ્ય લગ્ન મહાશિવરાત્રીના દિવસે થયા હતા.

સમુદ્ર મંથનઃ અન્ય એક દંતકથા અનુસાર, મહાશિવરાત્રી એ દિવસ છે જ્યારે ભગવાન શિવે આનંદ તાંડવ અથવા આનંદી નૃત્ય કરી પૂજા કરી હતી.

આપણે બધા દેવતાઓ અને દાનવો દ્વારા થયેલ સમુદ્ર મંથનની દંતકથાથી વાકેફ છીએ.આ મંથન દરમિયાન, સમુદ્રમાંથી ઘણી વસ્તુઓ દેખાઈ, અને છેવટે અમૃત કળશ પણ. હળાહળ ઝેર પણ દેખાયા.આ તો સમગ્ર સૃષ્ટિનો નાશ કરવાની ધમકી. ભગવાન શિવે પોતાની કરુણામાં આખું ઝેર પી લીધું. ત્યારે દેવી પાર્વતીએ ભગવાન શિવની ગરદન દબાવી દીધી હતી, જેથી ઝેર ત્યાં જ રહી ગયું. આ રીતે ભગવાન શિવ નીલકંઠ તરીકે ઓળખાયા, જે નીલા ગળાવાળા હતા. ભગવાન શિવનું ઝેર પીવું અને સૃષ્ટિને બચાવવાનું આ કાર્ય મહાશિવરાત્રિ પર થયું અને ભગવાન શિવની અપાર કરુણાને પ્રગટ કરે છે.

# “છોડી દે અને પામી લે”

એક બે ત્રણ ચાર છોડી દે,
ઊગતો અંધકાર છોડી દે..
તો જ નમણી નિરાંત નિરખશે,
તું તને બારોબાર છોડી દે..
“આપમેળે જ આવી મળશે એ,
અહર્નિશ એના વિચાર છોડી દે..
સુખની ચાવી તનેય સાંપડશે,
એક અમથો નકાર છોડી દે..
છેડછાડ ઝાઝી તું રહેવા દે,
સ્હેજ છેડીને તાર છોડી દે..
પ્રાણ પ્રગટી જશે સ્વયં એમાં,
શબ્દની સારવાર છોડી દે..
સરળતા આવી જશે
આપોઆપ, આ બધી
માયા-ઉપાધિ છોડી દે.
પ્રભુને  પામીશ સરળતાથી,
“જય” સંસારની માથાકૂટ છોડી દે..



કવિઃ જયેન્દ્રભાઈ નાયક
સંગીત અને ભક્તિના સેતુકાર

ગરવી ગુજરાત ન્યુઝ પેપરના તંત્રી શ્રી સુજ્ઞેશ પટેલની કલમેઃ કવિ શ્રી જયેન્દ્રભાઈ નાયકની આ કવિતા મૂળમાં એક આધ્યાત્મિક માર્ગદર્શન છે—શબ્દોમાં સરળ, પરંતુ અર્થમાં અત્યંત ઊંડાણ ધરાવતી. દરેક પંક્તિ માનવીને પોતાના આંતરિક પ્રવાસ તરફ દોરી જાય છે.

“એક બે ત્રણ ચાર છોડી દે, ઊગતો અંધકાર છોડી દે”

અહીં કવિ ગણતરીના ગડમથલ અને જીવનના અનાવશ્યક હિસાબોને છોડવાની પ્રેરણા આપે છે. આપણે સતત તુલના, સ્પર્ધા અને હિસાબમાં જીવીએ છીએ; એ જ ‘ઊગતો અંધકાર’ છે. જયારે આ છોડીએ, ત્યારે જ ‘નમણી નિરાંત’—અર્થાત્ આત્મશાંતિ—અનુભવી શકાય.

“તું તને બારોબાર છોડી દે”

આ પંક્તિ અત્યંત મહત્વપૂર્ણ છે. ‘હું’ અને ‘મારું’નો અહંકાર જ જીવનની અસલી બંધનશૃંખલા છે. પોતાને જ છોડવાની વાત એટલે અહંનો વિલય. જ્યાં અહંકાર ઓગળે છે, ત્યાં જ આત્મજ્યોતિ પ્રગટે છે.

“અહર્નિશ એના વિચાર છોડી દે”

અહીં ‘એ’ એટલે ઈચ્છાઓ, ચિંતા અને અતિશય વિચાર. સુખને પકડવા માટે દોડવું બંધ કરીએ તો સુખ આપમેળે આવી મળે છે. આ જીવનનું મહાસૂત્ર છે—શોધ છોડો, અનુભવ શરૂ કરો.



“સુખની ચાવી તનેય સાંપડશે, એક અમથો નકાર છોડી દે”

ઘણા દુઃખોનું મૂળ આપણા મનનો નકાર છે—નકારાત્મકતા. એક નાનકડો ‘હા’ જીવનમાં પ્રકાશ લાવી શકે છે. સ્વીકાર જ સુખની ચાવી છે.

“શબ્દની સારવાર છોડી દે”

અમે ઘણી વાર શબ્દોથી જ ઘા પણ કરીએ છીએ અને શબ્દોથી જ ઉપચાર પણ શોધીએ છીએ. પરંતુ કેટલીક સત્યતાઓ શબ્દાતીત છે. મૌન ઘણી વખત સર્વોત્તમ દવા બને છે.

“માયા-ઉપાધિ છોડી દે”

પદ, પ્રતિષ્ઠા, ઓળખ, લેબલ—આ બધું માયાજાળ છે. સરળતા જ સચ્ચી સમૃદ્ધિ છે. જયારે મન હળવું બને, ત્યારે પ્રભુ સુધી પહોંચવાનો માર્ગ સહજ બની જાય છે.

અંતિમ પંક્તિ—

“પ્રભુને પામીશ સરળતાથી, ‘જય’ સંસારની માથાકૂટ છોડી દે”

આ સમગ્ર કવિતાનો સાર છે. સંસારની ગૂંચવણોમાંથી બહાર આવીને જો મનને નિર્મળ કરીએ, તો પ્રભુને પામવું કોઈ દૂરસ્થ સાધના નથી—એ તો જીવનની સહજ અનુભૂતિ છે. કવિ જયેન્દ્રભાઈની આ રચના આધુનિક માનવી માટે એક આધ્યાત્મિક દિશાસૂચક સમાન છે. સરળ શબ્દોમાં ગૂંથાયેલું આ મર્મસ્પર્શી સંદેશ આપણને યાદ અપાવે છે કે જીવનની સાચી શાંતિ બહાર નહીં, પરંતુ પોતાના અંતરમાં વસે છે.

સુજ્ઞેશ પટેલની કલમે,
ગરવી ગુજરાત


MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Winter Special
METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફ્રેશ ... ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

धर्म भक्ति श्री स्वामिनारायणो विजयतेतराम् ज्ञान वैराग्य



HH 1008
ACHARYA SHREE
AJENDRAPRASADJI
MAHARAJSHREE

# Vadtal Dham Shree Swaminarayan Hindu Temple, Toronto

UNDER SHREE LAXMINARAYAN DEV GADI - VADTAL

Vadtal Dham Canada



HH 108
BHAVI ACHARYA SHREE
NRIGENDRAPRASADJI
MAHARAJSHREE

## *Weekly* Satsang Sabha & MAHA SHIVRATRI



**Sun | Feb 15**

**4:30 pm Onwards**

### SCHEDULE

2:30 pm - Shiv Poojan (till 4:30 pm)
4:30 pm - Kirtan Bhakti
5:30 pm - Shree HariLilaamrut Katha
6:15 pm - Seminar On Mental Health & Stress Management
6:30 pm - Janmangal Path, Aarti & Nitya Niyam
7:00 pm - Mahaprasad

### YAJMANS

1. A.N. Dilipbhai Gokuldas Patel & A.N. Vilasben Dilipbhai Patel Haste, Parth Patel & Family
2. Resp. Bhavishaben Devinbhai Patel & Family



SEMINAR ON
## MENTAL HEALTH & STRESS MANAGEMENT

**Pragnesh Patel**
President of NYGC Group & Editior in Chief Of Gujarat No Rankar

**"Building Resilience for a Healthier Mind"**

ADDRESS: 2400 FINCH AVENUE WEST, UNIT # 3, NORTH YORK, ONTARIO M9M 2C8

For more info., Please contact


**Dhaval Soni** (647) 236-4148 **Vipul Patel** (416) 880-2962 **Ajendra Patel** (647) 997-7486

SVG.ORG

## તમને રાત્રે વધેલું જમવાનું સવારે ખાવાની આદત છે? તો સાવધાન...

# ચોખા, દાળ-શાક વાસી ન ખાવ: રાતનું ભોજન ફરી ગરમ કરો તો વિટામિન B-C ઘટે અને પ્રોટીનનું બંધારણ બદલાઈ જાય!

## વાસી જમવાનું લાંબા સમય સુધી ખાવાથી ખોરાકમાં હાનિકારક બેક્ટેરિયા અને રસાયણો વિકસે છે, જે શરીરમાં સોજો અને કોષોને નુકસાન પહોંચાડે છે.



ડૉ. નિકુંજ વિઠ્ઠલાણી

આપણામાંથી ઘણા લોકો રાતનું વધેલું ભોજન સવારે ફરીથી ખાઈ લે છે. ક્યારેક સમયના અભાવે તો ક્યારેક ખોરાકનો બગાડ અટકાવવા માટે તો ક્યારેક તાજું જમવાનું બનાવવાની આળસ પણ તેનું કારણ હોય છે. પરંતુ શું આ આદત આપણા સ્વાસ્થ્ય માટે યોગ્ય છે? અથવા તો શું આ ધીમે ધીમે આપણને બીમાર કરી શકે છે? આજે આપણે એનાં વિશે વાત કરીશું.



### વાસી ખોરાક ઈમ્યુનિટીને નબળી પાડે.

વારંવાર વાસી ખોરાક લેવાથી રોગપ્રતિકારક શક્તિ નબળી પડે છે, જે સમય જતાં કેન્સર જેવી ગંભીર બીમારીઓનું જોખમ વધારી શકે છે. જ્યારે રાંધેલો ખોરાક લાંબા સમય સુધી નોર્મલ ટેમ્પરેચર પર રાખવામાં આવે છે, ત્યારે તેમાં બેક્ટેરિયા ઝડપથી વધે છે.

### ફ્રીઝમાં રાખ્યા પછી પણ જોખમ કેમ?

લોકો વિચારે છે કે ફ્રીઝમાં રાખેલો ખોરાક સંપૂર્ણપણે સુરક્ષિત છે. પરંતુ સત્ય એ છે કે ફ્રીઝ બેક્ટેરિયાની વૃદ્ધિને ધીમી કરે છે, ખતમ નથી કરતું. 24 કલાકથી વધુ સમય સુધી ફ્રીઝમાં રાખેલો ખોરાક જોખમ વધારે છે. વારંવાર ગરમ કરવાથી પોષક તત્વોમાં ઘટાડો થાય છે.

### કેન્સરનું જોખમ કેમ?

કેટલીક ખાદ્ય સામગ્રી જેવી કે પાલક, બીટ, કોબીજ, પ્રોસેસ્ડ ફૂડ - આમાં નાઈટ્રેટ હોય છે. જ્યારે આ પદાર્થો લાંબા સમય સુધી રાખવામાં આવે છે અને ફરીથી ગરમ કરવામાં આવે છે, ત્યારે તે નાઈટ્રોસામાઈન્સ બનાવી શકે છે, જે કેન્સર સાથે સંકળાયેલા હોવાનું માનવામાં આવે છે.

### આ ખોરાક ક્યારેય વાસી ન આરોગવો જોઈએ

ચોખા, દાળ, શાક, નોન-વેજ અને દૂધની બનાવટો - આમાં Bacillus cereus જેવા બેક્ટેરિયા પેદા થઈ શકે છે, જે ફૂડ પોઈઝનિંગનું કારણ બને છે.

### જો આ લક્ષણો જોવા મળે તો તેનું કારણ વાસી ખોરાક હોય શકે છે

ઉલટી, ઝાડા, પેટમાં દુખાવો, અને નબળાઈ - ઘણીવાર આ લક્ષણો 6 થી 24 કલાકમાં દેખાય છે.



### રાતનું ભોજન સવારે ગરમ કરો ત્યારે શું થાય?

જ્યારે રાતનું ભોજન સવારે ફરીથી ગરમ કરવામાં આવે છે, ત્યારે વિટામિન B અને C ઘટે છે. એન્ટીઓક્સિડન્ટ્સ ઘટે છે. પ્રોટીનનું બંધારણ બદલાઈ શકે છે. એટલે કે, પેટ ભરાય છે પણ શરીરને પૂરો ફાયદો મળતો નથી.

### WHO શું કહે છે?

WHO પ્રમાણે હાનિકારક બેક્ટેરિયા,વાયરસ,પરોપજીવીઓ અથવા રાસાયણિક પદાર્થો ધરાવતો અસુરક્ષિત ખોરાક વિશ્વભરમાં દર વર્ષે 60 કરોડથી વધુ બીમારીના કેસોનું કારણ બને છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ફૂડ સેફ્ટી કેટલી મહત્વની છે.





"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# વેલેન્ટાઈન ડે-પ્રેમ અને લાગણી વ્યક્ત કરવાનો દિવસ

વિશ્વના મોટાભાગના દેશોમાં 14 ફેબ્રુઆરીએ આવતો વેલેન્ટાઈન ડે અલગ અલગ રીતે ઉજવાય છે. આ દિવસ એટલે યુવા હૈયા માટે તેમના પ્રેમ,ઈચ્છા, લાગણીઓને વ્યક્ત કરવાનો સૌથી સારો દિવસ. તેની તેઓ આતુરતાથી રાહ જુએ છે. કેટલાક પોતાના પ્રેમ માટે પ્રપોઝ કરેછે. પ્રેમના પ્રતીક તરીકે ડાર્ક ચોકલેટ, જ્વેલરી, ફૂલ, ખાસ કરીને ગુલાબ પોતાના પાર્ટનરને, પ્રેમીને આપી આનંદ અનુભવે છે અને ખુશ થાયછે. ચીનમાં આ દિવસ ' નાઈટ્સ ઓફ સેબેન્સ ' તરીકે પ્રેમમાં ડૂબેલા પ્રેમી પંખીડા માટે અગત્યનો દિવસ ગણાય છે. કુંવારી છોકરીઓ પોતાને સુંદર, સુશીલ, શિક્ષિત અને સ્માર્ટ પતિ મળે તેમજ સુખી જીવન માટે પ્રાર્થના કરેછે. ચાઈનીઝ કેલેન્ડર પ્રમાણે લુનાર માસના સાતમા દિવસને વેલેન્ટાઈન ડે તરીકે ઉજવે છે. જાપાન અને કોરિયામાં આ દિવસને ' વ્હાઈટ ડે ' ના નામથી ઓળખાય છે.

જાપાનમાં પુરુષો સફેદ ચોકલેટ, સફેદ રંગની ભેટ પ્રેમના પ્રતિક તરીકે આપે છે. પશ્ચિમના દેશોમાં આ દિવસે વેલેન્ટાઇન ડે નામના પ્રેમપત્રોનું આદાન-પ્રદાન સાથે પ્રતિક રૂપે અનેક વસ્તુઓ આપીને પોતાની પ્રેમભાવના અને લાગણી દર્શાવે છે. ફિનલેન્ડમાં મિત્રને માન સન્માન આપવા તથા તેની કદર કરવા આ દિવસ ઉજવાય છે. ફિનલેન્ડમાં વેલેન્ટાઈન ડે ' મિત્ર દિવસ ' તરીકે ઉજવાય છે. તેનો મુખ્ય હેતુ મિત્રોને યાદ કરી તેમની કદર કરવી તે છે. કેટલાક દેશમાં આ દિવસે છોકરીઓ તેમના મનગમતા મનના માણીગર છોકરાને આકર્ષક કપડાં ભેટ આપે છે. કેટલાકનું માનવું છે કે પ્રેમ વ્યક્ત કરવા ચોકલેટ એક ઉત્તમ ભેટ છે. આ માટે રસપ્રદ માહિતી એવી છે કેડબરી કંપનીના માલિક રિચાર્ડ કેડબરીએ તેમની પ્રેમિકાને પ્રેમના પ્રતિક તરીકે હૃદય આકારના આકર્ષક બોકસમાં કેડબરી ચોકલેટ આપી હતી ત્યારથી ચોકલેટ આપવાની પ્રથા શરૂ થઈ.

વેલેન્ટાઈન ડે વિશે જુદા જુદા મત પ્રવર્તે છે. એક મત પ્રમાણે રોમમાં સમ્રાટ ક્લોડિયસનું શાસન હતું. તે એવું માનતો કે પુરુષોમાં લગ્ન કરવાથી શક્તિ અને બુદ્ધિ ઓછી થઈ જાય છે. તેને ફરમાન કર્યું કે તેના રાજ્યનો કોઈ પણ સૈનિક કે અધિકારી લગ્ન કરી શકશે નહીં. આ કાયદાનું દરેકે ફરજિયાત રીતે પાલન કરવાનું રહેશે. રોમન સૈનિકો ફક્ત રોમને જ વફાદાર રહે તે માટે તેણે આ ફરમાન જારી કર્યું. સંત વેલેન્ટાઈને આ ક્રૂર આદેશ, કાયદાનો સખત વિરોધ કર્યો અને ઘણા સૈનિકો અને અધિકારીઓના ખાનગીમાં લગ્ન કરાવ્યા. ક્લોડિયસને આ વાતની જાણ થઈ. તેણે વેલેન્ટાઈનને જેલમાં મોકલી દીધા. ત્યાં પણ કેટલાક કેદીઓની તેઓ કાળજી લેતા. અંતે 14 મી ફેબ્રુઆરી વેલેન્ટાઇનને ફાંસી આપવામાં આવી. ત્યારથી આ દિવસ પ્રેમના દિવસ વેલેન્ટાઈન ડે તરીકે ઉજવાય છે. બીજા એક મત પ્રમાણે સંત વેલેન્ટાઈન જેલમાં હતા ત્યારે જેલરની દીકરી તેમને મળવા આવતી હતી. તેની સાથે તે પ્રેમમાં પડેલ. મૃત્યુ પહેલા તેમણે તેને પત્ર લખ્યો હતો જેમાં પોતાના હસ્તાક્ષરથી તેમનો પ્રેમ સંદેશ હતો. તેમાં અંતમાં લખેલ ' from your Valentine, અને ત્યારથી તેમની યાદ માં ૧૪ ફેબ્રુઆરીના દિવસને પ્રેમના દિવસ ' વેલેન્ટાઇન ડે 'તરીકે ઉજવે છે. એક મત એવો પણ છે કે રોમન પ્રજા ૧૫ ફેબ્રુઆરીના રોજ વસંતઋતુ ના તહેવાર તરીકે Lupercalia ની ઉજવણી કરે છે, તેથી ૧૪ ફેબ્રુઆરી ના રોજ રજા હોય છે, જેને વેલેન્ટાઈન ડે કહેછે.

પ્રેમ ફક્ત પ્રેમી પંખીડા પૂરતો જ મર્યાદિત નથી અર્થાત પ્રેમની વ્યાખ્યા સીમિત નથી. પ્રેમ એ માતા- પુત્ર, પિતા- પુત્ર, દીકરી-પિતા, ભાઈ-બહેન, મિત્ર- મિત્ર, બે સખીઓ વચ્ચે, શિષ્ય- શિક્ષક, ભક્ત-ભગવાન, પતિ- પત્ની વચ્ચે પણ એકબીજા પ્રત્યે હોય છે. રાધાકૃષ્ણનો પ્રેમ, મીરા અને ગિરધર ગોપાલ નો પ્રેમ,સુદામા- કૃષ્ણનો પ્રેમ. જોનારની દ્રષ્ટિ કેવી છે ? તે કેવી રીતે મૂલવે છે ? તેના પર આધારિત છે. શ્રીકૃષ્ણને તેમના મિત્ર સુદામા પરત્વે અનહદ મિત્ર પ્રેમ હતો. 1537 માં ઈંગ્લેન્ડના રાજા Henry VIIએ 14 ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડે ને સત્તાવાર જાહેર રજા જાહેર કરી. વર્ષ દરમ્યાન સાડા ત્રણ મિલિયન હૃદય આકારના ચોકલેટ બોક્સનું વેચાણ થાય છે. મોટાભાગે શિક્ષકો આ દિવસે બાળકો, તેમની માતાઓ, વિદ્યાર્થીઓ અને મિત્રો



લેખક ઘનશ્યામ પટેલ (ખુશ) કેલગરી, કેનેડા

તરફથી વધુમાં વધુ વેલેન્ટાઈન કાર્ડ મેળવે છે. લાલ ગુલાબ એ પ્રેમનું પુષ્પ છે,કારણ લાલ રંગ એ શક્તિશાળી પ્રેમના પ્રતિક રૂપ છે. વેનુસ પ્રજા માટે લાલ ગુલાબ ખૂબ માનીતું પુષ્પ છે, જયારે પીળું ગુલાબ એ મિત્રતા નું પ્રતીક છે. ગુલાબી રંગ મિત્રતા અને સ્વીટ હાર્ટ માટે છે. સ્ત્રીઓ કરતા પુરુષો ફૂલ વધારે ખરીદે છે. ફ્રાન્સમાં ૧૪૦૦ માં ' હાઈકોર્ટ ઓફ લવ ' અસ્તિત્વમાં આવી હતી. સૌ ને Happy Velentine ડે



તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા....
ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.

IATA

Best Voyage Pvt. Ltd.

CELEBRATING 25th ANNIVERSARY

scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો

ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....

## Winter 2025-26 PACKAGE

- **ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ** — 17 રાત્રિ - 18 દિવસ — 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
- **ઓસ્ટ્રેલિયા** — 11 રાત્રિ - 12 દિવસ — 20 જાન્યુઆરી, 6,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
- **ન્યુઝીલેન્ડ** — 11 રાત્રિ - 12 દિવસ — 19 જાન્યુઆરી, 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
- **સિંગાપોર મલેશીયા & ક્રુઝ** — 08 રાત્રિ - 09 દિવસ — 29 જાન્યુઆરી, 03 માર્ચ
- **સિંગાપોર મલેશીયા & ક્રુઝ** — 09 રાત્રિ - 10 દિવસ — 19 ફેબ્રુઆરી
- **સાઉથ આફ્રિકા** — 10 રાત્રિ - 11 દિવસ — 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
- **અઝરબૈજાન** — 06 રાત્રિ - 07 દિવસ — 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
- **વિયેતનામ વિથ ફુકોક** — 09 રાત્રિ - 10 દિવસ — 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
- **વરસેટાઇલ વિયેતનામ** — 08 રાત્રિ - 09 દિવસ — 20 ફેબ્રુઆરી 02 માર્ચ
- **શ્રીલંકા** — 07 રાત્રિ - 08 દિવસ — 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
- **બાલી** — 06 રાત્રિ - 07 દિવસ — 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
- **આઈસલેન્ડ** — 09 રાત્રિ - 10 દિવસ — 01 માર્ચ

## Summer 2026 PACKAGE

- **ચેરી બ્લોસમ જાપાન** — 09 રાત્રિ - 10 દિવસ — 22, 27, 30 માર્ચ
- **જાપાન વિથ અલ્પાઈન રુટ** — 10 રાત્રિ - 11 દિવસ — 19,29 મે 10,22 જૂન
- **સાઉથ આફ્રિકા** — 10 રાત્રિ - 11 દિવસ: 10,16 મે | 11 રાત્રિ - 12 દિવસ: 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ: 14, 28 મે
- **ઓસ્ટ્રેલિયા** — 11 રાત્રિ - 12 દિવસ — 04 એપ્રિલ 02 ,15,28 મે
- **ન્યુઝીલેન્ડ** — 12 રાત્રિ - 13 દિવસ — 01 એપ્રિલ 03, 07, 22 મે
- **વેસ્ટ & ઈસ્ટ અમેરિકા** — 12 રાત્રિ 13 દિવસ — 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
- **અમેરિકન વંડર** — 19 રાત્રિ - 20 દિવસ — 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
- **અમેરિકન ડિસ્કવરી** — 23 રાત્રિ - 24 દિવસ — 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
- **અમેઝિંગ અમેરિકા** — 15 રાત્રિ - 16 દિવસ — 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
- **કેનેડિયન રોકીસ** — 09 રાત્રિ - 10 દિવસ — 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
- **બાલી** — 06 રાત્રિ - 07 દિવસ — 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
- **યુરોપ યાત્રા** — 18 રાત્રિ - 19 દિવસ — 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
- **યુનિક યુરોપ** — 15 રાત્રિ - 16 દિવસ — 26 મે 15 જૂન 13 જુલાઈ
- **યુરોપીઅન ડ્રીમ્સ** — 12 રાત્રિ - 13 દિવસ — 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
- **સિનિક સ્કેન્ડીનેવીયા** — 12 રાત્રિ - 13 દિવસ — 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
- **યુકે વિથ આયર્લેન્ડ** — 10 રાત્રિ - 11 દિવસ — 14 મે 15 જુલાઈ
- **પેનોરમિક યુરોપ** — 09 રાત્રિ - 10 દિવસ — 21 મે 21 જૂન
- **ડિસ્કવર ઓસ્ટ્રેલિયા** — 12 રાત્રિ - 13 દિવસ — 30 એપ્રિલ

**યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો** +91 99989 77746 / +91 95864 11313

**હેડ ઓફિસ** એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત

**બ્રાંચ ઓફિસ** નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ

# "મેષ લગ્નની જન્મકુંડળીમાં સૂર્ય મહારાજનો પ્રભાવ: વ્યક્તિત્વ, માન-પ્રતિષ્ઠા અને પરાક્રમ ભાવનું તત્વચિંતન"


આ લેખમાં આપણે વિશેષ રૂપે લગ્ન સ્થાનમાં રહેલ ગ્રહો મેષ લગ્નના જાતકોને શુભ તથા અશુભ ફળ શું આપે છે તે જોઈશું. હવે આપણે મેષ લગ્નમાં નવગ્રહો પૈકી સૂર્ય મહારાજ શું ફળ આપે છે તે જોઈશું. એજ પ્રમાણે જન્મકુંડળીના ૧૨ ભાવોમાં જુદા જુદા ભાવ શું શું ફળ આપે છે તે અંક પ્રમાણે જોઈશું. પરંતુ આજે પ્રથમ સ્થાનમાં એટલે કે દેહભવનમાં મેષ લગ્નની કુંડળીમાં સૂર્ય મહારાજ શું ફળ આપે છે તે અંક જોઈશું.


મેષ લગ્નમાં જન્મેલા જાતકોને પ્રથમ ભાવે લગ્નમાં રહેલો સૂર્ય ઉચ્ચનો ગણાય છે. પોતાના મિત્ર મંગળની રાશિમાં દેહ ભવનમાં રહેલો સૂર્ય જાતકને પ્રભાવશાળી, તંદુરસ્ત દેહાકૃતિ આપે છે. આવા જાતકો સ્વભાવે સ્વાભિમાની, વિદ્વાન, સાહસિક અને તેજસ્વી બુદ્ધિવાળા બને છે. આવા જાતકો પોતાની પ્રભાવશાળી વાણી દ્વારા વ્યવહાર કુશળ, મહત્વાકાંક્ષી અને ગંભીર પ્રકૃતિના બને છે. તેમને સંતાન સુખ સારું મળે છે. સમાજમાં માન-પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. પ્રથમ ભાવેથી

જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઇ ગાંધી- કેનેડા






સાતમી દ્રષ્ટિ દાંપત્ય જીવનમાં દ્રષ્ટિ કરતા સૂર્ય મહારાજ લગ્ન જીવનમાં થોડો કલેશ તથા ભાગીદારીના કાર્યોમાં વિક્ષેપ અને ઝગડાખોર જીવનસાથી સૂચવે છે. કારણ કે ધર્મપત્ની પણ લાઈફ પાર્ટનર કહેવાય છે. તે બાબત જાતકે પ્રકાશ અને ઉષ્ણતા અર્પે છે. સમગ્ર રાશિચક્રમાં પોતાની પ્રદક્ષિણા ૩૬૫ દિવસ ૫ કલાક ને ૪૮ મિનિટમાં પુરી કરે છે. સિંહ રાશિનો તે સ્વામી સિંહ, અને અન્ય રાશિમાં તે સામાન્ય રીતે સારું ફળ આપે છે. આ સૂર્યમહારાજની સામાન્ય માહિતી આપું છું. આવતા અંકમાં કંઈ વિશેષ લખીશું. હવે જોઈશું સૂર્ય જન્મ કુંડળીનું ત્રીજું સ્થાન એટલે ઉપચય સ્થાન કહેવાય છે. અહીં જ્યારે પણ કોઈ પાપગ્રહ આવે ત્યારે તે ભાવના અનિષ્ટ ફળને ઘટાડે છે. ઈષ્ટ ફળની પુષ્ટિ કરે છે. તથા ત્રીજે પરાક્રમ ભાવમાં રહેલો સૂર્ય જાતકને પરાક્રમી, બળવાન, બુદ્ધિવાન, યશસ્વી બનાવે છે. પરાક્રમી ભાવમાં સૂર્ય હોય તે ચિત્ર માધ્યમ થી જોઈશું.

ઉપરોક્ત જાતકો રાજસિક પ્રકૃતિ ધરાવે છે ને પરાક્રમી યોગી હોય છે. ત્રીજો સૂર્ય ભાઈ-ભાંડુઓના સુખને ઘટાડે છે. શુક્ર, બુધ સાથે યુતિ, પ્રતિયુતિ કે દ્રષ્ટિ સંબંધમાં આવતા જાતક શાસ્ત્રીય ચર્ચાઓમાં વધુ રસ લેનાર કે લલિતકલાઓમાં પારંગત થવા પ્રયત્ન કરે છે ને સફળ થાય છે. અગ્નિ રાશિ હોય તો જાતક વ્યવસાય નિમિત્તે નાની મોટી મુસાફરીઓ કરે છે. જાતક દાનવીર બને છે.

નોંધ- આવતા બીજા અંકોમાં યુતિ, પ્રતિયુતિ, દ્રષ્ટિ, ઉચ્ચ, નીચ, સ્થાનબલી, શુભગ્રહ, પાપગ્રહ તથા નિર્બળ, બળવાન વિગેરે બાબત પર લખીશું જેથી તમારી જન્મ કુંડળી જોવામાં આપ સર્વે ને સમજવું સહેલું પડે છે. આ બધું ભૃગુ-સંહિતા ના માધ્યમથી તેમને માહિતી મળે છે.



# શ્રીકૃષ્ણ અને સુદામા ના મિત્રતાનો એક પ્રસંગ, લેખ વાંચીને સૌની આંખોમાં આંસુ હશે

સુદામા સાથે વાતો કરતા કરતા શ્રીકૃષ્ણ ક્યારે તેમના પગ દબાવવા લાગ્યા, એ વાત સુદામાને ખબર જ ન પડી. સુદામા તો ઊંઘી ગયા હતા, પરંતુ કૃષ્ણ પોતાની જ વિચારોમાં લીન થઈ તેમના પગ દબાવતા દબાવતા બાળપણની વાતો કરતા જતા હતા. એટલામાં જ રુક્મિણી એ તેમના ખભા પર હાથ મૂક્યો.

કૃષ્ણ ચોંકી ગયા. પહેલા તેમણે રુક્મિણીને જોયા, પછી સુદામાને, અને વાત સમજીને ત્યાંથી ઊભા થઈ પોતાના કક્ષમાં આવી ગયા.

કૃષ્ણની આવી લીન અવસ્થાને જોઈને રુક્મિણીએ પૂછ્યું,

"સ્વામી, આજે તમારું વર્તન બહુ જ અદભુત લાગી રહ્યું છે.

તમે, જે આ દુનિયાના સૌથી મોટા સમ્રાટ દ્વારકા આવે ત્યારે પણ જરાય પ્રભાવિત થતા નથી, તે તમારા મિત્રના આગમનની જાણથી એટલા ભાવવિભોર થઈ ગયા કે ભોજન છોડીને નંગા પગે તેને લેવા દોડી ગયા.

તમે, જેમને કોઈ દુઃખ, કષ્ટ કે પડકાર ક્યારેય રડાવી શક્યા નથી, અહીં સુધી કે ગોકુલ છોડતી વખતે માયા યશોદાના આંસુ જોઈને પણ તમે ન રડ્યા,

તે તમે તમારા મિત્રના જીર્ણ-શીર્ણ અને ઘાવોથી ભરેલા પગ જોઈને એટલા ભાવુક થઈ ગયા કે તમારા આંસુઓથી જ તેના પગ ધોઈ નાખ્યા.

કૂટનીતિ, રાજનીતિ અને જ્ઞાનના શિખર પુરુષ તમે, તમારા મિત્રને જોઈને એટલા મગ્ન થઈ ગયા કે કોઈ વિચાર કર્યા વિના તેને ત્રિલોકની સમસ્ત સંપત્તિ અને સમૃદ્ધિ આપવાનું નક્કી કરી લીધું."

કૃષ્ણ પોતાની એ જ આનંદિત અવસ્થામાં બોલ્યા,

"તે મારો બાળપણનો મિત્ર છે, રુક્મિણી."

"પણ બાળપણમાં તો તેમણે ગુરુ માતાએ તમને બંનેને વહેંચીને ખાવા કહેલા ચણાં પણ તમારી પાસેથી છુપાવીને ખાઈ લીધા હતા ને? તો હવે એવા મિત્ર માટે એટલી ભાવુકતા કેમ?" સત્યભામાએ પણ પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરી.



**સંકલન વૈષ્ણવ શ્રી ભદ્રેશભાઈ શાહ ગોધરા ગુજરાત**

કૃષ્ણ સ્મિત કરતાં બોલ્યા,

"સુદામાએ એવું કાર્ય કર્યું છે, સત્યભામા, કે સમગ્ર સૃષ્ટિએ તેનું આભાર માનવું જોઈએ. તેણે એ ચણાં ભૂખને કારણે નથી ખાધા, પરંતુ તેથી ખાધા કે તે નથી ઈચ્છતો કે તેનો મિત્ર કૃષ્ણ દરિદ્રતા જુએ.

તેને ખબર હતી કે એ ચણાં આશ્રમમાં ચોરો છોડી ગયા હતા, અને તેને એ પણ ખબર હતી કે એ ચોરોએ એ ચણાં એક બ્રાહ્મણીના ઘરમાંથી ચોર્યા હતા. તેને એ પણ ખબર હતી કે એ બ્રાહ્મણીએ શ્રાપ આપ્યો હતો કે જે કોઈ એ ચણાં ખાશે, તે જીવનભર દરિદ્ર રહેશે.

સુદામાએ એ ચણાં મારી પાસેથી છુપાવીને ખાધા જેથી હું સુખી રહું. તે મને ઈશ્વરનો અંશ માનતો હતો, તેથી તેણે એ ચણાં ખાધા, કારણ કે તેને લાગ્યું કે જો ઈશ્વર જ દરિદ્ર થઈ જશે તો સમગ્ર સૃષ્ટિ જ દરિદ્ર થઈ જશે. સુદામાએ સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટે પોતે દરિદ્ર બનવું સ્વીકારી લીધું."

"એટલો મોટો ત્યાગ!" રુક્મિણીના મોઢેથી આપમેળે નીકળી ગયું.

"મારો મિત્ર બ્રાહ્મણ છે, રુક્મિણી, અને બ્રાહ્મણ જ્ઞાની અને ત્યાગી જ હોય છે. એમના હૃદયમાં જનકલ્યાણની ભાવના કૂટ કૂટ કરીને ભરેલી હોય છે. એકાદ અપવાદોને છોડીને બ્રાહ્મણો એવા જ હોય છે.

હવે તમે જ કહો, એવા મિત્ર માટે હૃદયમાં પ્રેમ ન જન્મે તો પછી શું જન્મે, પ્રિયે? ગોકુલ છોડતી વખતે હું તેથી ન રડ્યો કારણ કે જો હું રડતો તો મારી માયા તો પ્રાણ જ છોડી દેત. પરંતુ મારા મિત્રના એવા પગ જોઈને, તેમાં એવા ઘાવો જોઈને મારું હૃદય ભરાઈ આવ્યું, રુક્મિણી.

એના પગોમાં આવા ઘાવો અને જીવનમાં આવી દશા માત્ર તેથી થઈ કારણ કે તે પોતાના આ મિત્રનું ભલું ઈચ્છતો હતો.

જાણે છે રુક્મિણી, પરિવારને છોડીને કોઈએ પણ આ કૃષ્ણનું એટલું ભલું ક્યારેય નથી ઈચ્છ્યું. લોકો તો મારી પાસે પોતાનું ભલું કરવાની અપેક્ષા રાખે છે. બસ, સુદામા જેવા મિત્રો જ એવા હોય છે કે જે પોતાના મિત્રના સુખ માટે સ્વેચ્છાએ દરિદ્રતા અને કષ્ટનું આવરણ ઓઢી લે છે.

એવા મિત્રો દુર્લભ હોય છે અને ન જાણે કયા પુણ્યોના ફળરૂપે મળે છે. હવે એવા મિત્રને જો ત્રિલોકની સમસ્ત સંપત્તિ પણ આપી દેવામાં આવે, તો પણ તે ઓછી જ પડશે," કૃષ્ણ ભાવુકતાથી ભરાયેલા અવાજમાં બોલ્યા.

અહીં કક્ષમાં બધી રાણીઓની આંખો ભીની હતી અને ત્યાં કક્ષની બહાર ઊભેલા સુદામાની આંખોમાંથી ગંગા-યમુના વહેતી હતી.




# વ્યાજ દરોની માયાજાળ - ફિક્સ્ડ, વેરિયેબલ અને એડજસ્ટેબલ

## મોર્ટગેજ પસંદ કરતી વખતે વ્યાજ દરના પ્રકારને સમજવો એ સૌથી જટિલ પ્રક્રિયા છે. ચાલો આ ત્રણેય મુખ્ય વિકલ્પોને ઊંડાણપૂર્વક સમજીએ:


૧. ફિક્સ્ડ વ્યાજ દર (Fixed Rate)

આ એક 'સેફ' વિકલ્પ છે. તમે જે વ્યાજ દરે લોન લો છો, તે આખા સમયગાળા (દા.ત. ૫ વર્ષ) માટે એ જ રહે છે. બજારમાં વ્યાજ દર વધે તો પણ તમને કોઈ ફેર પડતો નથી.

Prepayment Penalty: ફિક્સ્ડ રેટમાં પેનલ્ટી સામાન્ય રીતે ઉંચી હોય છે, કારણ કે બેંક Interest Rate Differential (IRD) પ્રમાણે દંડ વસૂલે છે. આ દંડ ઘણી વખત હજારો ડોલર સુધી પહોંચી શકે છે

૨. વેરિયેબલ વ્યાજ દર (Variable Rate)

આમાં તમારો માસિક હપ્તો (Payment) મોટેભાગે સ્થિર રહે છે, પરંતુ જો વ્યાજ દર વધે, તો તમારા હપ્તામાંથી વ્યાજની રકમ વધે છે અને મુદ્દલ (Principal) ઓછું થાય છે. આનાથી તમારી લોન પૂરી થવાનો સમયગાળો (Amortization) વધી શકે છે.




૩. એડજસ્ટેબલ રેટ મોર્ટગેજ (Adjustable Rate - ARM)

ઘણા લોકો આને વેરિયેબલ સમજે છે, પણ ARM માં હપ્તાની રકમ બદલાય છે.

તે કેવી રીતે કામ કરે છે? જો બજારનો વ્યાજ દર (Prime Rate) વધે, તો બેંક તમારો માસિક હપ્તો તરત જ વધારી દે છે જેથી તમારી લોન નિર્ધારિત સમયમાં પૂરી થાય.

ફાયદો: તમારી લોન ક્યારે પૂરી થશે તેની સમયસીમા બદલાતી નથી.

જોખમ: જો વ્યાજ દર અચાનક વધી જાય, તો તમારા માસિક બજેટ પર સીધી અસર પડે છે કારણ કે તમારે દર મહિને વધુ પૈસા ચૂકવવા પડે છે.

Prepayment Penalty: વેરિયેબલ અથવા ARM માં પેનલ્ટી સામાન્ય રીતે ખૂબ ઓછી હોય છે.

મોટાભાગે માત્ર 3 મહિનાના વ્યાજ જેટલી પેનલ્ટી લાગતી હોય છે.

ખાસ નોંધ: ટ્રિગર રેટ (Trigger Rate) શું છે?

જો તમે વેરિયેબલ રેટ પર હોવ, તો એક સમય એવો આવે જ્યારે વ્યાજ દર એટલો વધી જાય કે તમારો હપ્તો માત્ર વ્યાજ જ ચૂકવી શકે, મુદ્દલ નહીં. આને 'ટ્રિગર રેટ' કહેવાય છે. આવી સ્થિતિમાં બેંક તમને હપ્તો વધારવા અથવા એકસાથે રકમ ભરવા કહી શકે છે.

લેખકની સલાહ: જો તમે નવા ઘર ખરીદનાર હોવ અને તમારા બજેટમાં બહુ ફેરફાર સહન કરી શકતા ન હોવ, તો 'ફિક્સ્ડ રેટ' પસંદ કરવો હિતાવહ છે.

અસ્વીકરણ (Disclaimer): આ માહિતી માત્ર સામાન્ય શિક્ષણ માટે છે. બજારના દરો અને બેંકની નીતિઓ બદલાતી રહે છે, તેથી કોઈ પણ કરાર કરતા પહેલા મોર્ટગેજ એડવાઈઝરની સલાહ ચોક્કસ લેવી.

# જીવ અને શિવ નું મિલન એટલે શિવ રાત્રિ..

## દેવોના દેવ મહાદેવ ભોળાનાથને રીઝવવાનો અને મહાદેવમય થવાનો દિવસ એટલે મહા શિવરાત્રિ





**સંગીતકાર: ડૉ. જયેન્દ્ર કે નાયક**

(૧)

શિવરાત્રિ નો દિવસ હવે નજીક આવી રહયો છે. ત્યારે શિવરાત્રિ દર મહિનાની વદ ચૌદસ ને (અમાસ પહેલાનો દિવસ) શિવરાત્રિ કહેવાય છે પરંતુ મહા વદ ચૌદસ ને ખરેખર મહા શિવરાત્રિનું પર્વ માનવામાં આવે છે.

પૌરાણિક કથા અનુસાર મહા શિવ રાત્રિ નો "શ્રી શિવ મહાપુરાણ"માં ઉલ્લેખ છે.કોઈ કાળે બ્રહ્મા અને વિષ્ણુ વચ્ચે પોતાની શ્રેષ્ઠતા ને લઈને વાક્યુદ્ધ થયું ને પરસ્પર એક બીજાનું અપમાન કરવા લાગ્યા. ઉગ્ર વિવાદ ચાલી રહ્યો તે દરમ્યાન અગ્નિ જ્વાળા થી લપેટાયેલું લિંગ પ્રગટ થયું. લિંગ નો તાગ મેળવવા વિષ્ણુ પાતાળ લોક તરફ અને બ્રહ્મા બ્રહ્માંડ સુધી શોધી વળ્યા પણ હજારો વર્ષો શોધવા છતાં આ રહસ્ય વણ ઉકલ્યું જ રહ્યું. અચાનક લિંગ માંથી બન્ને ને ૐ નો ધ્વનિ સંભળાયો.તેઓની સમજમાં આવ્યું કે આ કોઈ મહા શક્તિ છે. તેઓએ આરાધના શરૂ કરી.બન્ને ની અતૂટ ભક્તિ આરાધના ને અંતે લિંગ માંથી શિવ પ્રગટ થયા.બન્ને દેવોને સદ્‌બુદ્ધિ નું વરદાન આપીને શિવ સ્વયં શિવ લિંગ ના રૂપે પ્રગટ્યા. અભય વચન આપીને કહ્યું કે આ લિંગ "ભૂતલ લિંગ"ના સ્થાન નાં નામે પ્રસિદ્ધ થશે.આ સ્થાન ને "અરૂણાચલ "નામે ઓળખવામાં આવશે.આ દિવસ હતો મહાશિવરાત્રિ નો તેમજ પ્રથમ જયોતિર્લિંગ ના પ્રાગટ્ય નો અને "દ્વાપર યુગ" ના પ્રારંભ નો. *ભાગવત્ પુરાણ ની કથા અનુસાર, દેવતાઓ અને દાનવો વચ્ચે સમુદ્ર મંથન વખતે ઘણી જ કિંમતી વસ્તુઓ નીકળી અને અંતમાં "કાલકેતુ" નામ નું હળાહળ વિષ નીકળતાં દેવ અને દાનવો એ સૃષ્ટિને નિકટવર્તી ભયમાંથી બચાવવા માટે શિવ ને વિનંતી કરી. દયાવાન અને દાની શિવે આગ્રહને વશ થઈને વિષ ને પોતાના કંઠ માં ધારણ કરતા તેમનો કંઠ નીલો થઈ ગયો તેઓ "નીલકંઠ" ના નામે ઓળખાયા.. ઝેર નો દાહ સહન ન થતાં દેવતાઓ એ આખી રાત જળ ની ધારા કરી શિવ સમક્ષ ગીત ,નૃત્ય દ્વારા આરાધના કરી.આમ પ્રભુએ વિશ્વને જન કલ્યાણ અર્થે ઉદારતા અને દયા નો મહાન સંદેશ આપ્યો.દેવોએ ભગવાન શિવ ને" દેવોના દેવ મહાદેવ" કહ્યા તેથી આ દિવસને "મહા શિવરાત્રિ " ના ઉત્સવ તરીકે મનાવવામાં આવે છે.

*એક કથા અનુસાર આસૃષ્ટિનું સર્જન કાર્ય પૂર્ણ થતાં એક વખત પાર્વતીજીએ શિવને પુછ્યં કે તેમનો પ્રિય દિવસ કયો છે, ત્યારે શિવજીએ કહ્યું કે મહા વદ ચૌદસ આમ શિવની આ પસંદની જાણ પાર્વતીએ તેમના સહિયરો અને અન્ય દેવતાઓને કરી અને ધીમેં ધીમે આ કાળક્રમ અનુસાર આની જાણ મનુષ્યને પણ થઈ.

અન્ય એક કથા અનુસાર એક વખત સંસારના પ્રલયનો ભય તોળાઈ રહ્યો હતો, ત્યારે પાર્વતીએ શિવની પૂજા કરી અને તેમને જીવમાત્ર પર કૃપા કરી તેમનું રક્ષણ કરવા પ્રાર્થના કરી. શિવજીએ પ્રસન્ન થઈને કહ્યું કે જે જીવ મહા મહિનાની વદ ચૌદસને દિવસે તેમનું પૂજન અને ધ્યાન કરશે તેમને તે પ્રલય સમયે ઉગારશે. આમ ધાર્મિક જગત માં "મહા શિવરાત્રિ" અનોખું મહત્વ છે.આમ ધાર્મિક ગ્રંથો અનુસાર આ દિવસે ભગવાન શિવ અને મા આદ્ય શક્તિ (પાર્વતી)લગ્ન થયા હતા.

*શિવ રાત્રિ ના વ્રત સાથે એક પૌરાણિક કથા જોડાયેલી છે.આ દિવસે એક પારધીનું હૃદય પરિવર્તન થયું હતું.એક પારધી દિન ભર શિકાર ની શોધ માં ભટકતો રહ્યો પરંતુ શિકાર ન મળતાં મારો પરિવાર ભૂખ્યો રહેશે એવું વિચારીને ઘરે ન જતાં નિરાશ થઈને તળાવના કાંઠે કોઈ પ્રાણી પાણી પીવા આવશે તેમ વિચારીને બીલી ના ઝાડ પર ચઢી ગયો .બીલી ના ઝાડ નીચે સ્વયંભૂ શિવ લિંગ હતું તેની તેને જાણ ન હતી.રાતભર હે!શિવ શિવ બોલતો રહ્યો ને અજાણતાં બીલીના પાન ને તોડીને નીચે શિવલિંગ પર નાંખતો ગયો આમ અજાણતાં જ તેનાથી શિવ લિંગ ની પૂજા થઈ ગઈ. મોડી રાત્રે હરણ હરણી નું જોડું પાણી પીવા આવ્યું. ત્યારે તેના પર બાણ થી નિશાન તાકતા બન્ને એ કહ્યું કે "અમને મારશો નહીં કેમ કે અમારાં બચ્ચાં ભૂખ્યાં છે અમે સવારે ચોક્કસ આવીશું. હરણાંઓના વચન પર વિશ્વાસ રાખીને પારધી તેમને તેમના બાળકોને મળવા જવાની રજા આપે છે. માંડ મળેલા એક શિકાર ને વિશ્વાસ મૂકીને જવા દે છે. હરણાંની રાહ જોઈ પારધી આખી રાત જાગે છે.આખા દિવસનો ઉપવાસ, રાત્રી જાગરણ અને બીલીપૂજા અને વૃક્ષની નીચે રહેલા શિવલિંગનું અનાયાસ થયેલું પૂજન, આ બધી વાતો તેનામાં એક વિશિષ્ટ વાતાવરણ મનોદશા સર્જે છે. અને તેમાંય સવાર થતાં જ બચ્ચાં સાથે મરવા માટે પાછા આવેલા હરણ પરિવારની કરુણા, વાત્સલ્ય અને વચનપાલન જોઈને તેનું દિલ દ્રવી જાય છે. આ પારધી ચાર પગવાળા પ્રાણીઓને તેમની મહાનતા, સચ્ચાઈ અને વચનપાલન માટે વંદન કરે છે અને તેનામાં શિવત્વ એટલે કે કલ્યાણકારી - મંગલકારી ભાવના પ્રગટે અંતે દેવદૂત કહે છે કે .હે પારધી ! સર્વ પ્રાણીઓને ક્ષમા કરનાર, આ વિમાનમાં બેસી મનુષ્ય દેહથી જ સ્વર્ગમાં જા. તે અજ્ઞાનથી પણ શિવરાત્રીને દિવસે ઉપવાસ કર્યો, રાત્રે જાગરણ કર્યું, અને દરેક પહોરે બિલિપત્રથી શિવપૂજન કર્યું છે. તેના પ્રભાવથી તારૂં સઘળું પાપ નષ્ટ થયું છે. માટે વિમાનમાં બેસી તું શિવની પાસે જા. હે મૃગ ! તું પણ તારી સ્ત્રી તથા પુત્રો પુત્રીની સાથે નક્ષત્ર લોકમાં જા. એ સ્થાન તારાં ''મૃગશિર્ષ" નામથી નક્ષત્રરૂપે જગતમાં પ્રસિધ્ધ થશે. એવાં વચનો સાંભળી પારધી તથા મૃગલાં, વિમાનમાં બેસી નક્ષત્ર લોકને પામ્યાં, આ ઉત્તમ મૃગશિર્ષ નક્ષત્રનાં પ્રભુ ભક્તોએ અવશ્ય દર્શન કરવાં.

(૨)

શિવ પૂજનની વિધિ અને સામગ્રી:-

પ્રાત:કાળે વહેલા ઊઠીને સ્નાન કરીને ભગવાન શિવની પૂજા, ઉપવાસ અને સાત્વિક આહાર નો સંકલ્પ કરીને તેની સફળતા માટે શિવ પાસે શક્તિ માંગવી જોઈએ.ભગવાન શિવ સર્વાંગ રૂપ હોવાથી દરેક અંગોનો સમાવેશ થાય છે.પ્રથમ ઘી નો દીવો પ્રગટાવીને મા પાર્વતીને લાલ રંગની ચૂંદડી, બંગડી,અને સિંદૂર અર્પણ કરો. ત્યારબાદ "જય શિવ ૐકારા"ગાઈને શિવ ની આરતી કરો. મહા શિવરાત્રિ એ ચાર પ્રહર ની પૂજા કરવી આવશ્યક છે.શિવે ૧૧ રુદ્રના અવતાર ધારણ કર્યાં હોવાથી નિશીથ કાળ માં રાત્રિ એ નીચેની ૮ વસ્તુથી ૧૧ પ્રકારના ૧૧ વખત અર્ઘ્ય અર્પણ કરવા જોઈએ.

(૧.) તાંબાના કળશમાં શુદ્ધ ગંગા જળ (૨)ગાયનું દૂધ (૩) દર્ભ (૪) ઘી (૫)દહીં (૬) તાંદુલ (ચોખા) અથવા રાંધેલા ભાત (૭) સફેદ તલ વગેરે સરખે ભાગે લઈને મિશ્રણ કરવું જોઈએ.આ અર્ઘ્ય તૈયાર કરીને શક્ય હોય નીચેના મંત્રો બોલીને અર્ઘ્ય આપવો.

*રુદ્ર અભિષેક,શિવ મહિમ્ન સ્તોત્ર, મૃત્યુંજય મહામંત્ર,બોલવો જોઈએ. અર્ઘ્ય આપતી વખતે

"ૐ નિવેધ્યામિ "ખાસ બોલવું..જો મંત્રો ન આવડતા હોય તો"ૐ નમઃ શિવાય" કે ૐ શિવાય નમઃ પણ ૧૧ વખત બોલી શકાય.ધૂપ દીપ અર્પણ કરીને અંતમાં આરતી ગાઈને શિવ ચાલીસા, શિવાષ્ટક, રુદ્રાષ્ટકમ્ નો પાઠ કરીને ક્ષમા યાચના કરવી જોઈએ.

(૩) મહા શિવરાત્રિ નાં દિવસે આ ૧૦ કાર્ય ન કરવા જોઈએ નહીંતર શિવજી ક્રોધિત થઈ જાય છે.

(૧) મોડા ન ઉઠવું પણ વહેલી સવારે ઊઠીને સ્નાન કરી ને જ પછી જ આહાર લેવો.

(૨) કાળા વસ્ત્રો ન પહેરવાં.

(૩) ચંપા અને કેતકી ના ફૂલ શ્રાપિત હોવાથી ભૂલથી પણ અર્પણ ન કરવા.

(૪) તૂટેલાં અક્ષત (ચોખા) ન ચઢાવવા.

(૫) સોના, ચાંદી,તાંબા ના પાત્ર થી અભિષેક કરવો પણ સ્ટીલ કે પ્લાસ્ટિક ના પાત્ર નો ઉપયોગ ન કરવો.

(૬) બોર ચિરકાળ નું પ્રતિક ગણાય છે તેને અવશ્ય અર્પણ કરવા.

(૭) શિવ ને અર્પણ કરેલો પ્રસાદ ગ્રહણ ન કરવો કેમ કે તે લેવાથી દુર્ભાગ્ય આવે છે.

(૮) ઉપવાસ ને કારણે ઘઉં ચોખા આહાર માં ન લેતા માત્ર ચા કોફી ફળાહાર જ લેવો.

(૯) ભૂલ થી પણ તુલસીપત્ર અર્પણ ન કરવું

(૧૦) ગાય નું શુદ્ધ દૂધ નો અભિષેક કરવો પેકેટ ના દૂધનો ઉપયોગ ન કરવો.

મહા શિવરાત્રિ એ પૂજા કરવાથી તમામ મનોકામનાઓ,કષ્ટો,વ્યક્તિ વાસના,ક્રોધ,લોભ ના બંધનમાંથી મુક્તિ મળે છે.જો અવિવાહિત સ્ત્રીઓ



સંગીતકારઃ ડૉ. જયેન્દ્ર કે નાયક

શિવરાત્રિ નું વ્રત રાખીને મા પાર્વતી ની પૂજા કરીને રામાયણ ની નીચેની ચોપાઈ નું પઠન કરે તો તેમને ભગવાન શિવ જેવો પતિ પ્રાપ્ત થાય છે અને સુખી વૈવાહિક જીવન પ્રાપ્ત થાય છે.

"જય જય જય ગિરિરાજ કિશોરી,
જય મહેશ મુખ ચંદ્ર ચકોરી"

એક કથા મુજબ મહાશિવરાત્રિ એ સમય છે જ્યારે ભગવાન શંકર આરામ કરે છે. શિવજી રાત્રિનાં એક પ્રહર (ત્રણ કલાક)ના ગાળા માટે આરામ કરે છે, આ એક પ્રહરને મૂળ શિવરાત્રિ ગણવામાં આવે છે. જ્યારે શિવ આરામ કરે છે ત્યારે શિવ તત્વ શાંત થઈ જાય છે, એટલેકે ભગવાન ધ્યાનાવસ્થામાં ગરકાવ થઈ જાય છે

શિવનો આ ધ્યાનાવસ્થાનો સમય છે કે આ સમયગાળા દરમ્યાન શિવતત્વ કોઇ તમોગુણનો સ્વીકાર કરતા નથી અને નથી માત્ર આધ્યાત્મિક ક્રિયા કરે છે પરિણામે આવી નકારાત્મક શક્તિઓનું પ્રમાણ તે સમયે વધી જાય છે. તેનાં પ્રતિકાર માટે બીલીપત્ર, ધતુરાના ફૂલ, રૂદ્રાક્ષ વગેરે અર્પણ કરીને પૂજા કરવી ઈચ્છનીય છે.

વળી ધાર્મિક માન્યતા અનુસાર મહા શિવરાત્રિ દિવસે" શિવ તત્વ" પૃથ્વીનાં સંપર્કમાં હોવાથી આપણી દિવ્ય ચેતના અને આભા ભૌતિક સ્તરથી લગભગ ૧૦ ઇંચ ઉપર ઉપર હોવાથી આ દિવસે "વૈશ્વિક ચેતના" પૃથ્વી તત્વને સ્પર્શે છે માટે નિશીથ કાળમાં મૌન ગ્રહણ કરીને દિવ્ય ચેતના ના સાંનિધ્ય માં રહેવાનો સર્વોત્કૃષ્ટ સમય છે.કેમકે મહા શિવરાત્રિ એ ભોળાનાથ મનુષ્ય જાતિ ની સૌથી નિકટ આવે છે. નિશીથ કાળ માં શિવની ઉપાસના કરવાથી રુદ્રલોકમાં હજારો વર્ષો સુધી ભગવાન શિવ નું સાનિધ્ય ભોગવે છે. મહા શિવરાત્રિ એ ઉત્તર પ્રદેશ ના પ્રયાગ રાજ માં(અલ્હાબાદ),હરિદ્વાર,આ ઉપરાંત ઉજ્જૈન,નાસિક તેમજ ગુજરાતમાં જૂનાગઢ ખાતે ભવનાથ મહાદેવ નો મેળો ભરાય છે.અડધી રાત્રે દિગંબર સાધુઓ દ્વારા" રવાડી "નીકળે છે અને મેળાની પૂર્ણાહુતિ મૃગીકુંડ ના શાહી સ્નાન ના અંતે થાય છે. વિશેષમાં ગુજરાતના બનાસકાંઠા જિલ્લા ના લાખણી ગામમાં " બુદ્ધેશ્વર" મહાદેવ ના મેળામાં પુરુષો તેમજ મહિલાઓની અલગ અલગ અશ્વ સ્પર્ધાઓ યોજાય છે." દેવોના દેવ મહાદેવ"ની ગીત દ્વારા ભક્તિ અર્પણ કરીને મારા લેખને શિવાર્પણ કરું છું.

"હે શિવશંકર..હે કરુણાકર..
પરમાનંદ મહેશ્વર..
મેરે ભીતર તુમ ગાતે હો
સુન લો તુમ અપના યે સ્વર".


# ખેતી - NAની જમીન

**Savli, Waghodia, Panchmahal, Anand, Nadiad, Ahmedabad**

## ખરીદ-વેચાણ તથા ભાડે લેવા માટે મળો

## AGRICULTURE & NA LAND

## BUY - SELL - RENT

## 99257 68291